
# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વી. સં. ૨૫૦૯
વિક્રમ સંવત. ૨૦૩૯ બીજો ફાગણ

## પદ–૪૬ મું

પ. પૂ. શ્રી ચિદાનંદજી મ. સા.

(રાગ કાફીની હોરી)

અનુભવ મિત્તં મિલાયદે મોકું,
શ્યામ સુંદર વર મેરા રે (અનુ.)
શિયલ ફાગ પિયા સંગ રમુંગી,
ગુણ માનુંગી મે તેરા રે;
જ્ઞાન ગુલાલ પ્રેમ પીચકારી,
શુચી શ્રદ્ધા રંગ ભેરા રે (અનુ.)
પંચ મિથ્યાત નિવાર ધરૂંગી મેં,
સંવર વેશ ભલેરા રે,
ચિદાનંદ ઐસી હોરી ખેલત,
બહુરી ન હોય ભવ ફેરા રે (અનુ.)

(અનુંધાન ટાઈટલ પેજ ૨ ઉપર)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૦ ] માર્ચ : ૧૯૮૩ [ અંક : ૫

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# —: અનુક્રમણિકા :—


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | મોસમ અંગારો કા | શ્રી નીરજ | ૭૭ |
| ૨ | તીન્ સંદેશ | — | ૭૮ |
| ૩ | અહિંસા | ગુરૂ નાનક | ૭૮ |
| ૪ | સમગ્રતાથી ઝઝુમો | પં. પ્ર. શ્રી ભદ્રગુપ્ત વિજયજી ગણિવર્ય | ૭૯ |
| ૫ | જૈન ધર્મની બાળપોથી | પં. પૂર્ણાનન્દવિજય ( કુમારશ્રમણ ) | ૮૫ |
| ૬ | ચીમનલાલ ચકુભાઈ શાહનું પ્રેરણાદાયી જીવન | | ૮૪ |
| ૭ | ભાવનગરમાં શ્રી શ્વે. જૈન સેવા સમાજ દ્વારા સહીયારો પ્રયાસ | કીર્તિકુમાર ગીરધરલાલ | ૮૬ |
| ૮ | પંડિત બેચરદાસ | — | ૮૭ |
| ૯ | ગત સૈકાની ધર્મ પ્રવૃત્તિ | કુમારપાળ દેસાઈ | ૮૯ |
| ૧૦ | સં. ૨૦૩૮નો હિસાબ અહેવાલ | | ૯૬ |
| ૧૧ | ટૂંક અહેવાલ | | ૧૦૦ |


આ સભાના માનવંતા પેટ્રન

**શ્રી બટુકભાઈ ત્રિભોવનદાસ સલોત** ( પાલીતાણાવાળા ) **મુંબઈ**

આ સભાના નવા આજીવન સભ્યશ્રી

**શ્રી નાનાલાલ જયંતિલાલ શાહ ભાવનગર**

(અનુસંધાન ટાયટલ ૧ નું ચાલુ)

**અર્થ** :– હે અનુભવ મિત્ર ! જે શ્યામસુંદર સુદ્ધ આત્મા મારા સ્વામી છે–તેને તૂં મેળવી દે–આ પ્રમાણે શુદ્ધ ચેતના કહે છે.

હું તે સ્વામી સાથે શિયળ રૂપ ફાગ રમીશ અને તારો ગુણ માનીશ. જ્ઞાનરૂપી ગુલાબજળથી ભરેલી શુદ્ધ પ્રેમરૂપ પીચકારી સ્વામીને મારીશ, જે પીચકારીમાં શુદ્ધ શ્રદ્ધારૂપ રંગ પણ ભેળવેલો હોય છે. તે ફાગ રમતી વખતે હું પાચે પ્રકારના મિથ્યાત્વને ( અશુભ વેશને ) તજી દઈને શુદ્ધ સંવર ( નિર્મળ ચારિત્ર ) રૂપ સુંદર વેશ ધારણ કરીશ. ચિદાનંદજી કહે છે કે જે જીવ આવી હોરી ખેલે તેને બહોળતાએ ભવના ફેરા રહે નહીં, તે સ્વલ્પ ભવમાંજ સિદ્ધિ સ્થાનને પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦] વિ. સં. ૨૦૩૯ બીજો ફાગણ : માર્ચ–૧૯૮૩ [અંક : ૫

## મૌસમ અંગારોં કા

ઐસા અન્ધા યુગ-ધર્મ હુઆ !
નૈતિકતા ભ્રષ્ટાચાર બની !
કુર્સી કા કામસૂત્ર પઢકર
શિક્ષા-સંસ્કૃતિ વ્યભિચાર બની !
સિંહાસન તો હૈ ગાંધીકા,
શાસન હૈ ચોર બજારોં કા !
કમજોર નીંવ કમજોર દ્વાર,
ઉખડી ખિડકી ટૂટી સાંકળ !
હર તરફ મુંડેરોં પર બૈઠે,
દુઃખ કે કાલે કાલે બાદલ,
અબ કૌન બચાએગા બોલો ?
યહ ઘર ગિરતી દીવારોં કા !
લગતા હૈ આનેવાલે હૈ,
ફિરસે મૌસમ અંગારોં કા !

કવિવર શ્રી નીરજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## તીન સંદેશ

એક ભક્તના અત્યાધિક આગ્રહને લઇને એક સંન્યાસીએ તેના ભવ્ય ભવનમાં વર્ષાવાસ પૂર્ણ કર્યો જેવો વર્ષાવાસ પૂર્ણ થયો કે તરતજ સંન્સાસીએ કહ્યું, "ભક્તરાજ હવે અમે અહીંથી આવતીકાલ સવારે રવાના થશું. તમારા આ ભવ્ય ભવનમાં અમારૂં ધ્યાન તેમજ સાધના નિર્વિઘ્ન રૂપે ચાલુ રહી હતી."

જ્યારે સંન્યાસીએ પ્રસ્થાનની વાત કરી ત્યારે ભક્તનું હૃદય આઘાત પામ્યું. તેના ગળામાં ડૂમો ભરાયો પછી તણે કહ્યું, "ભગવન્ ! આપનો નિયમ છે. તેથી તેમાં હું ના કહી શકતો નથી આપની સાધનામાં મુશ્કેલી ઉભી કરવા માગતો નથી. પણ મારી એક હાર્દિક ઇચ્છા છે કે આપ મને એવી કોઇ ચીજ આપો કે આપની યાદ કાયમ રહે."

સંન્યાસીએ પોતાની ઝોળીમાંથી ત્રણ વસ્તુઓ કાઢી અને તેના હાથમાં મૂકીને 'હું આ ત્રણ વસ્તુઓ તારી પાસે રાખજે."

ભક્ત તો પહોળી થયેલી આંખોથી તાકીજ રહ્યો. તે વસ્તુઓમાં એક હતી સોય, બીજી દોરી અને ત્રીજી એક રાખ હતા.

સંન્યાસીએ કહ્યું, " તારા ચહેરા પરથી લાગે છે કે તને આશ્ચર્ય થયું છે તું આ ત્રણે વસ્તુઓને તુચ્છ માને છે, પણ તને ખબર નથી કે તેમાં મહાન વસ્તુઓ રહેલી છે. આ ત્રણે વસ્તુઓમાં મહાન વિશેષતા છે. આ ત્રણે ચીજો જીવન-નિર્માણની પ્રબળ પ્રસન પ્રેરણા કરવાવાળાં છે. સોય અને દોરા જેમ તું પણ જોડવાનું કાર્ય કરજે. આવાં કાર્ય માટેજ મેં તેના પ્રતિક રૂપ વસ્તુઓ આપી છે કેશ મુલાયમ છે. તે તને સંદેશો આપે છે કે તારૂં જીવન નમ્ર હો, કોમળતા તેમાં રહો. આ માટે આ ત્રણે વસ્તુઓ તારા જીવન નિર્માણ માટેની બનો એટલેજ આ છે તેનું રહસ્ય ભક્ત કૃતાર્થ બન્યો.

'જૈન જગત' ના સૌજન્યથી

---

## અહિંસા

માંસ માંસ સબ એક હૈ, મુરઘી હિરની ગાય,
આંખ દેખ નર ખાતે હૈ, તે નર નર્ક હિ જાય.

જો શિર કાટે ઓરકા અપના રહે કટાય ;
ધીરે ધીરે નાનકા, બદલા કહીં ન જાય,

જો બીજે સો ઉગસી, કછુ ન હોવે હાણ;
સમય પાપ ફલ દેત હૈ, નાનક નિશ્ચય જાન !

ગુરુ નાનક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમગ્રતાથી ઝઝુમો!

—પંન્યાસ પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર

કંઇક મેળવવું! કંઈક મૂકવું!

કંઇક પ્રાપ્ત કરવું! કંઇક ત્યાગવું!

**મા**ણસ કંઇક છોડી દે છે....કંઈક પામવા માટે! જે મેળવે છે, એક દિવસ એને પણ છોડી દે છે. માનવ મનની આ આદત થઇ ગઈ છે. કંઈક મેળવવું-કંઇક મૂકવું! જીવન એટલે જાણે મેળવવા-મૂકવાની સંતાકૂકડી! અનંત અનંત ઇચ્છાઓ કેન્દ્રિત બની છે. આ મેળવવા મૂકવાના બિન્દુ તરફ અસંખ્ય પ્રવૃત્તિઓ અને પાર વગરની વૃત્તિઓના વળગણો વળગ્યા છે—આ પામવા છોડવાની ખીંટીએ! અંત કયાં છે આ ચકરાવાનો?

એક દિવસ જેને પામવા મથતો હતો આજે એને જ પડતું મેલવા વલખું છું એક દિવસ જેને છોડવા માંગતો હતો આજે એ જ મેળવવા ફાંફાં મારૂં છું * કેવું છે આ મન! અજબ છે એની માયા જાળ!

'કોલરેડો' માં જ્યારે સહુ પહેલા સોનાની ખાણો મળી આવી ત્યારે આખું અમેરિકા પાગલ બનીને ત્યાં દોડી ગયું હતું. લોકોએ કોલરેડોમાં માંગ્યા દામ આપીને જમીનો લેવા માંડી.એક કરોડપતિએ પોતાની બધી જ સંપતિનો સોદો કરીને એક આખો પહાડ જ ખરીદી લીધો મોટા મોટા યંત્રો અને ઓજારોના ખડકલા કર્યા-સોનાની ભાળ મેળવવા! સોનું ખોદી કાઢવા નાના નાના માણસો બિચારા નાના ખેતરોમાં સોનું શોધી રહ્યા હતા....આ તો મોટો માણસ હતો. મોટા મોટા મશીનો મૂકીને સોનું શોધી રહ્યો હતો ઘણું ખોદયુ પાર વગરનું ખોદકામ કર્યું. પણ સોનાનો પત્તો લાગ્યો નહિ. લોકોમાં ગભરામણ ફેલાવા લાગી પેલા કરોડપતિએ તો પોતાની બધી જ સંપત્તિ દાવ પર લગાડી હતી. એના માટે તો રોડપતિ થવાનો વારો આવી લાગ્યો હતો. એની ઉંઘ હરામ થઇ ગઇ પોતાના સ્નેહી સ્વજનો આગળ બોલવા માંડ્યો 'આપણે તો બારે વહાણ તળિયામાં! આપણે તો મરી ગયા! જ્યારે પહાડ ખરીદયો ત્યારે ફાંકો મારતો હતો 'આપણે તો માલામાલ થઈ જઇશુ" હવે જ્યારે સોનું ના જડયું તો કહે છે.... 'આપણે તો મરી ગયા.'

એણે જાહેરખબર આપી કે 'હું આખો પહાડ વેચી દેવા માંગું છું. ખોદકામના બધા સાધનો પણ સાથે આપી દેવાનાં છે ઘરના લોકો કહે; 'પણ ખરીદશે કોણ તમારા આ ડુંગરને?' કારણ બધા જાણી ગયા છે કે પહાડમાં પથરાથી વધારે કંઈ છે નહિ....એમાં તો તમારા લાખો રૂપિયા બરબાદ થઇ ગયા હવે કોણ મૂરખો મળશે કે જે આને ખરીદે?

પણ એક દિવસ એક પાગલ મળી ગયો. ખરેખર આ પહાડને ખરીદનાર! વેચનારના મનમાં થયું કે 'ના પાડી દઉં આને પાગલપણું ના કરે....હું તો મરી ગયો છું'' પણ એને તો હવે છોડવાની તાલાવેલી હતી. પહાડ વેચવો જ હતો. શા માટે આવું કહે? એણે તો વેચી દીધો....વેચ્યા પછી પેલાને કહે; 'ભાઇ તું પણ ગજબનો માણસ લાગે છે....કંઇ ગાંડપણ તો નથી ને તારામાં? પેલો કહે 'જો દોસ્ત, જીવનનો ભરોસો શો? તમે જ્યાં સુધી ખોદયુ ત્યાં સુધી સોનું નહિં હોય પણ વધારે ઉંડે હોઇ પણ શકે સોનું! અને જ્યાં તમે નથી ખોદયું ત્યા પણ સોનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ જ હોવાનું તો તમે પણ કેમ કહી શકો ? એણે કહ્યું, ' ના, એ તો હું ના કહી શકું !'

નવાઈ....ખરેખરની નવાઇ....થાય છે આવું યે સંસારમાં ! પહેલા જ દિવસે એક-બે ફૂટ વધારે ઊંડું ખોદતાં જ સોના ના ટુકડા ખણખણ....કરીને ઉછળવા લાગ્યા પેલો માણસ જેણે પહેલા પહાડ ખરીદીને વેચે દીધો હતો...એ પહેલા પણ છાતી કૂટી કૂટીને રડતો હતો અને પછી તો એ વધારે જોરથી છાતી કૂટી કૂટીને રડવા માંડ્યો ! એણે પહાડ ખરીદનારને કહ્યું: ' જોયો નસીબનો ખેલ !' પેલો કહે....' ના....જરીયે નહિ....નસીબનો ખેલ છે ક્યાં એમાં ? તમે તમારી જાતને પૂરી ન લગાડી શક્યા દાવ પર....જરી વધારે...એક બે ફૂટ વધારે ઊંડે કેમ ન ગયા ? વધારે ખોદીને જોઈ લેત !'

પહેલાં પહાડ મેળવી લેવાની ઇચ્છા તીવ્ર....થઈ જ્યારે સોનું ના મળ્યું ત્યારે વચી દેવા બેચેન બની ગયો....વેચી દીધો પહાડ, અને જ્યારે સોનું નીકળ્યું તો વળી એ મેળવવાની લાલસા લબકારા લેવા લાગી !

શું મેળવવા અને મૂકવા માટે જ આ જીવન છે ? મેળવવામાં રાગ અને દ્વેષ...છોડવામાંયે રાગ અને દ્વેષ ? રાગ દ્વેષમાંથી ક્લેશ અશાંતિ....અજંપો આમ ને આમ અનંત અનંત જન્મો વીતી ગયા ! હવે તો કંઈક એવું મેળવી લઇએ કે બીજું કંઈ જ મેળવાની ઇચ્છા જ ના જાગે ! એક વાર જે ત્યજી દેવું પડે તે ત્યજી દઉં....પછી વારે વારે છોડવાની માથાકૂટ ના રહે !

પણ એ માટે બધુ જ દાવ પર લગાડી દેવું પડશે....સર્વસ્વનો દાવ રમવો પડશે ! કોઇ ગભરામણ ના જોઇએ....કોઈ અધીરતા કે વ્યાકુળતા નહિ જોઇએ ! બહારથી તો કદાચ બરબાદ થઇ જવું પડે તો યે ભલે....મને કબૂલ છે....પણ ભીતરનો આનંદ તો વધવાનો ને ? ભીતરનો આનંદ જ મને પૂર્ણાનંદ તરફ લઈ જાશે બહારનું બધું જ ખોરવાઇ જાય તો ભલે....પણ જો મને ભીતરનો આનંદ મળી જાય તો વાંધો નહિ !

જો કે રસ્તો લાંબો છે....કઠણ છે....હું એય જાણું છું કે આ યાત્રામાં કંઈ કેટલાના છક્કા છૂટી ગયા. ઘણા જણા પાછા વળી ગયા. કંઈ કેટલા ધીરજ ન રાખી શકયા...કેટલાક ડરીને ગભરાઇને માર્ગ ત્યજી બેઠા ! હું એ ક્યાં નથી જાણતો કે કેટલાયને એમના મને દગો દીધો છે ! અનંતયાત્રામાં પણ કંઇક મેળવવાની કે મૂકવાની આળ પંપાળમાંથી આ મન ફારેગ....નથી બની શકતું....પ્રિય-અપ્રિયની અનેક કલ્પનાઓમાં જ્યારે ગૂંચવાઈ જાય છે....પામવાને છોડવાની રમત ચાલુ થઈ જાય છે. જેવી આ રમત મંડાણી કે રાગ-દ્વેષ ઈર્ષ્યા....અશાંતિ સંતાપ-આ બધા આંતર દ્વન્દ્વો ચાલુ થઈ જાય છે !

બધું જ દાવ પર લગાડી દીધું છે ! મન-વચન અને કાયા-બધું જ દાવ પર લગાડીને અનન્તયાત્રા પર નીકળી પડ્યો છું....અલબત્ત હજી તો ઘણે આગળ જવું છે....જે ચરમબિન્દુએ પહોંચવું છે ત્યાં સુધી તો હજી નથી જ પહોંચી શકયો છતાં યે મારૂં ધૈર્ય અખંડ છે-અભય અક્ષય છે અને ઉત્સાહ થીજ્યો નથી જે ચરમબિંદુએ પહોંચવું છે, ત્યાં પહોંચ્યા પછી ' પામવા-છોડવાની ' ' મેળવવા મૂકવાની ' રમત ખતમ થઇ જવાની ! પછી તો કોઇ ઇચ્છા જ અવશેષ નહિ રહેવા પામે ને ?

હાં ! એ ચરમબિંદુ સુધી પહોંચવાની પણ તીવ્ર ઈચ્છા નથી કરતો ! બસ....એ દિશામાં મારી ગતિ સહજ હો....સ્વભાવિક હો....

( હિન્દી પરથી અનુવાદ " સ્નેહદીપ " )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મની બાળપોથી

: લેખક :
પંન્યાસ પૂર્ણાનન્દવિજય
( કુમારશ્રમણ )

**આ** કારણ ભગવાન મહાવીર સ્વામીના સ્યાવાદ સિદ્ધાન્તનો આશ્રય લઇને તત્ત્વજિજ્ઞાસુઓએ આમ બોલવું જોઇએ 'ઘડો પોતાના દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે, નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અશાશ્વત છે, અનિત્ય છે. પ્રતિક્ષણે નાશવાન છે. દ્રવ્ય કાયમ રહીને પર્યાયોની જ ઉત્પત્તિ અને વિનાશ થાય છે. માટે **उत्पाद व्यय ध्रौव्यं द्रव्यस्य लक्षणम् : स्वतः सिद्ध छे.** કંઠીને તોડાવીને બંગડી બનાવી, આમાં કંઠી નામના એક પર્યાયનો નાશ અને બંગડી નામના બીજા પર્યાયની ઉત્પત્તિ અને સુવર્ણ દ્રવ્ય બંને પર્યાયોમાં જેમ હતું તેમનું તેમ જ છે. માણસ મર્યો અને કૂતરાના અવતારને પામ્યો, આનો અર્થ પણ એટલો જ છે કે, માનવના ખોળીઆમાં રહેલા આત્માએ, માયા-પ્રપંચ, હિંસા-બદચલન જેવા પાપોના કારણે કૂતરાના અવતારને પામ્યો છે.' તથા દયા-દાન આદિના કારણે દેવના અવતારને પામ્યો છે. આ પ્રમાણે બંને અવતારોમાં અને પરમ્પરાએ અનાદિ કાળના અનંત પર્યાયોમાં જીવાત્માતો તેનો તેજ છે. પણ શરીરો, પર્યાયો, જાતિઓ, નામો, અને સુખદુઃખાદિ જ બદલાતા રહ્યાં છે. માટે સત્ય અને ધર્મ્ય ભાષામાં આપણે આમ કહી શકીએ કે, આ આત્મા દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. આ પ્રમાણે સંસારનો પ્રત્યેક પદાર્થ દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાએ ( દૃષ્ટિએ ) નિત્ય અને અનિત્ય રૂપે જ હોય છે. જે પ્રત્યક્ષ સિદ્ધ છે. આવા સ્વત; સિદ્ધ-સિદ્ધાન્તમાં, તર્કો-વિતર્કો અને વિતંડાવાદોની આવશ્યકતા રહેતી જ નથી, કેમકે, પદાર્થોને જ જ્યારે દ્રવ્ય અને પર્યાયની અપેક્ષા માન્ય હોય, તેમાં આપણે શું કરી શકવાના હતાં ? આ પ્રમાણે પદાર્થમાં દ્રવ્ય-પર્યાય તથા નિત્યા-નિત્યાદિ ધર્મો જે અપેક્ષાએ વિદ્યમાન છે, તે રીતે સત્ ( સતા ) અને અસત્ ( અસતા ) આ બંને વિરૂદ્ધ હોવા છતાં પણ પદાર્થ માત્રમાં વિદ્યમાન દેખાય છે. અનુભવાય છે.

સંસારવર્તી કોઈપણ માણસને પ્રત્યેક પ્રસંગે, સંસારમાં રહેલી બધી વસ્તુઓ અથવા એક જ વસ્તુની બધી જાતો, પ્રકારો આકારોને એક જ સમયે ખરીદવાની કે જાણવાની ઇચ્છા થતી નથી, છતા પણ એક જ વસ્તુની અનેક પર્યાયો, તે પદાર્થમાં અવશ્ય વિદ્યામાન હોય જ છે. માણસના મસ્તિકના કોઈક સમયે મુડ તેવા પ્રકારનો હોય છે. જેથી અમુક જ પદાર્થ ( વસ્તુ ) અને તે પણ અમુક જ પ્રકારની નમારી દુકાને છે ? કે નહિં ? તે જાણવા માંગે છે અને ખરીદવા માંગે છે, આપણે એટલું પણ જાણીએ છીએ કે જે દુકાન પર આપણે જઈએ છીએ ત્યાં ઘણી જાતના પદાર્થો અને તેની જાતિઓને પણ જોઇએ છીએ અને જાણીએ છીએ, છતાં પણ તે સમયે આપણે બધીય વસ્તુઓ જેમ ખરીદવા માંગતા નથી, તેમ જાણવા પણ માંગતા નથી. તેથી કરીને તે પદાર્થો અને તેમાં રહેલા અનંત ધર્મો ( પર્યાયો ) નું નાસ્તિત્વ થવાનું નથી એક જ પદાર્થમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની અમુક અપેક્ષાએ જેમ વિદ્યમાનતા રહેલી હોય છે તેવી જ રીતે ભિન્ન દ્રવ્યક્ષેત્ર કાળ અને ભાવની અપેક્ષાએ નાસ્તિત્વ પણ તે દ્રવ્યમાં વિદ્યમાન છે જ.

કુંભારની દુકાને જઇને ખરીદનાર એક ગ્રાહક દુકાનદારને પૂછે છે. 'મારે અમદાવાદનો, લાલ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રંગનો માગસર મહિનાના શુકલપક્ષમાં, રામજીભાઈ કુંભારના હાથે ઘડાયેલો માટીનો જેમાં દશ કિલો પાણી સમાઈ જાય તેવો ઘડો ખરીદવો છે.' ત્યારે દુકાનનો માલિક તેના કહ્યાં પ્રમાણેના એક ઘડાને ગ્રાહકના હાથમાં આપીને કહેશે કે આ ઘડો તમારી ઈચ્છા પ્રમાણેનો જ છે. અર્થાત્ અત્યારના સમયે તમારી માનસિક કલ્પનામાં જેવો ઘડો જોઈએ છે. તે આજ છે. દ્રવ્યથી માટીનો ઘડો છે. ક્ષેત્રથી અમદાવાદનો છે. કાળથી માગસરમાસના શુકલ પક્ષમાં ઘડાયેલો છે અને ભાવથી લાલરંગના છે. આનો સિધો સાદો અર્થ નાનો બાળક પણ સમજી શકે છે કે, આ ઘડામાં સ્વદ્રવ્યની અપેક્ષાએ જેમ માટી દ્રવ્ય છે તેમ પરદ્રવ્ય જેવા કે, પીત્તલ, સુવર્ણ, ચાંદી અને કાંસાના દ્રવ્યોનું નાસ્તિત્વ પણ સ્વતઃ સિદ્ધ છે. સ્વક્ષેત્રની અપેક્ષાએ અમદાવાદનો છે. પણ પરક્ષેત્ર ખંભાત પાટણ છાણી, રાજસ્થાન કે માલવાનો નથી. એટલે કે, તે પરક્ષેત્રોમાં થયેલી માટીનો અભાવ છે. કાળથી માગસર શુકલ પક્ષનો છે. પણ કારતક, પૌષ, માહ, વૈશાખ કે ચૈત્રાદિ મહિનાનો નથી. કૃષ્ણપક્ષમાં ઘડેલો નથી. અને સ્વભાવથી લાલરંગનો છે. પણ કાળો, પીળો કે ધોળો નથી. આ પ્રમાણે ખરીદનારની ઇચ્છાને અધીન થઈને દુકાનદારને તે પદાર્થમાં રહેલા અસ્તિત્વ અને નાસ્તિત્વ ધર્મો બતાવવાના રહેશે. અથવા કોઈક સમયે. ભદ્રિક ગ્રાહક પોતેજ નાસ્તિત્વ પક્ષનો આશ્રય કરી પૂછે છે કે, મારે માટીનો ઘડો જોઈએ છે તો તમે બતાવેલો ઘડો પીતલનો તો નથી સોનાનો નથી, કાંસાનો નથીને આ પ્રમાણે પ્રશ્નમાળા જ્યારે કરે છે. ત્યારે દુકાનદારને પણ તે રીતેજ જવાબ આપવો પડે છે. સારાંશ કે સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ વિદ્યમાન તથા અવિદ્યમાન જ છે અને વ્યવહારપણ તેજ રીતે ચાલી રહ્યો છે.

**પર્યાયનો ભેદ**

પર્યાય એટલે આકાર, આકૃતિઓ, જે કારીગરોદ્વારા નિર્મિત હોય છે અથવા વાદળાઓમાં કે બીજે ગમે ત્યાંય જે આકારો દેખાય તે બધાય પર્યાય કહેવાય છે. અથવા અમુક નામથી જે વસ્તુ ઓળખાય તે પ્રાયઃકરી પર્યાય છે. જે દ્રવ્યાશ્રિત જ હોય છે. જેમ કે સુવર્ણમાંથી જેકોઈ આકાર બને તેમાં સુવર્ણ દ્રવ્ય છે અને બનેલા તે પર્યાયો છે. તે સ્હભાવી અને ક્રમભાવી રૂપે પર્યાયો બે પ્રકારના છે. દ્રવ્યની સાથે કાયમ રહે તે સહભાવી પર્યાય (ગુણ) કહેવાય છે. બેશક તરતમ જોગે તેમાં ઓછા વત્તાપણું બની શકે છે. જેમકેઃ-આ માણસ મોટો વિદ્વાન છે. અને આ ઓછો વિદ્વાન છે, આ વધારે શ્રદ્ધાલુ છે. તો બીજામાં શ્રદ્ધા ઓછી દેખાય છે. આનું ચારિત્રબળ જરા વધારે છે. ત્યારે આનામાં અમુક વાતની થોડી નબળાઈ છે. ઈત્યાદિ દ્રષ્ટાન્તોમાં જ્ઞાન-દર્શન અને ચારિત્રના પર્યાયો (ગુણો) બંનેમાં વિદ્યમાન છે. પણ એક જીવાત્માએ ગુણોને ખુબ વિકસાવ્યા છે. જ્યારે બીજો માણસ તેમ કરી શકયો નથી. જ્યારે ક્રમભાવી પર્યાયો દ્રવ્યમાં આવેછે અને જાય પણ છે. જેમ કે, આજે તમારૂં શરીર સારૂં દેખાય છે. પણ ગઈ કાલે થોડું નબળુ દેખાતું હતું. ગઈકાલે જે માણસ રુષ્ટ પુષ્ટ હતો તે આજે લંગડો, ઠુંઠો, કાણો, અંધ અને કાળારંગનો દેખાય છે. પાઘડી લાલ છે. તેમાંથી ક્રમભાવી લાલરંગને દુર કરી શકય અને તેના બદલે કેશરીયા રંગની પણ બનાવી શકાય છે. આમ બદલાતા પર્યાયોના કારણે દ્રવ્યનું સંબોધન થાય છે. આ કારણેજ આત્મરૂપી દ્રવ્યની સાથે. શરીર, આંખ, કાન, નાક, હાથ, પગ, પેટ, આદિ ક્રમભાવી પર્યાયો છે. જે પુદગલોમાંથી બનેલા હોવાથી પૌદ્ગલિક અથવા પાંચ ભૂતોમાંથી બનેલા હોવાથી ભૌતિક કહેવાય છે. અને જે પૌદ્ગલિક કે ભૌતિક હોય તે બધાય જડ છે. આ ન્યાયે શરીર ઇન્દ્રિયો, મન અને કુબુદ્ધિ પણ પૌદ્ગલિક હોવાથી જડ છે. અને આત્મા ચૈતન્ય હોવાથી કર્તા છે. સર્વતંત્રસ્વતંત્ર છે. ભોકતા છે તથા શરીરાદિ ભોગ્ય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મા અનાદિકાલીન દ્રવ્ય છે. અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, ઉપયોગ અને પરાક્રમ (વીર્ય) ગુણો પણ આત્માની સાથે ઓછા વત્તા અંશે પણ અનાદિકાલીન છે. સૂર્યના કિરણો જે દ્રવ્યસ્વરૂપ છે. તેનાથી તેનો પ્રકાશરૂપી ગુણ ક્યારેય નાશ પામતો નથી બેશક મોસમને લઈ પ્રકાશ ગુણમાં વધારે ઉષ્ણતા કે ઓછી ઉષ્ણતા આવી શકે છે. અને વાદળાઓના કારણે, પ્રકાશ ગુણ ઘણાઅંશે દબાઇ પણ જાય છે. તેવી રીતે આત્માથી જ્ઞાનાદિ ગુણો કદિપણ છુટા રહ્યા નથી રહેતા નથી. અને સિદ્ધાવસ્થામાં પણ છુટા રહેશે નહિં. પરન્તુ જ્ઞાનગુણ ઉપર જ્યારે દંભ, અભિમાન, માયા, કઠોરતથા મૃષાભાષા, હિંસા, જૂઠ, મૈથુન તથા અજ્ઞાનની આસુરી વૃત્તિઓ પોતાનો કબજો જમાવી લે છે. ત્યારે જ્ઞાન ગુણ દબાઇ જાય છે. આનો અર્થ એ નથી કે જ્ઞાન સર્વથા નષ્ટ થઇ જતો હોય છે.

આ પ્રમાણે વિચાર કરવાથી આપણા જીવનમાં સમતા આવશે અને તામસિકતા નાશ પામશે. પ્રેમ અને ઉદારતા આવશે તથા દ્વેષ અને શુદ્રતા નાશ પામશે. ત્યારેજ જીવાત્માને આધ્યાત્મિક માર્ગની પ્રાપ્તિ થતાં જીવન આનન્દમય બનવા પામશે.

## સ્યાદ્વાદ, સંશયવાદ નથી

આવી રીતે પ્રત્યક્ષ અનુભવાતા સ્યાદ્વાદને સંશયવાદ માનવાની ધૃષ્ટતા કયારેય કરવી નહિં, કારણ કે, તૃણથી લઇને આકાશ સુધીના બધાય પદાર્થોમાં બંને અપેક્ષાઓ સત્યસ્વરૂપે વિદ્યમાન જ છે. જ્યારે સંશયવાદમાંતો એકેય કોટિનો નિર્ણય કરી શકાતો નથી. માટે જ સંશયાત્મક જ્ઞાન પ્રમાણીભૂત બનતો નથી. ગાઢ અન્ધકારમાં સપનાઆકારે એક દોરડું પડયું છે. તો તેમાં આપણને શંકા થઈ શકશે કે આ સર્પ હશે? આમ થવામાં આપણને તેનો, સર્પ તરીકેનો નિર્ણય નથી. માટે સંશય બન્યો રહે છે. જ્યારે અહિંતો બંને કોટિ નિશ્ચયાત્મક જ છે કે, પ્રત્યેક પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય નિત્યતા, અને અનિત્યતા, સત્ અને અસત્ તથા ભેદભાવ આદિ વિરૂદ્ધ ધર્મો હોવા છતાં પણ તેની વિદ્યમાનતામાં કોઈનેય શંકા થતી નથી માટે સ્યાદ્વાદ નિશ્ચયાત્મક જ્ઞાન હોવાના કારણે પ્રમાણીભૂત જ્ઞાન છે.

જીવનમાં સરળતા હોય, કર્મરાજાની કેદમાંથી છુટવાનો આશય હોય નવા નવા જ્ઞેય પદાર્થોને જાણવાની ઇચ્છા હોય તો પૂર્વગ્રહમાં જકડાયેલી બુદ્ધિને જરા પરિશ્રમ કરવા દેજો અને સ્યાદ્વાદના બગીચામાં થોડીક વિશ્રાંતિ લેવાનો ભાવ રાખજો, તોજ સંસારના પ્રત્યેક પદાર્થોને, અપેક્ષાએ, અર્થાત્ અમુકવસ્તુ આમ પણ છે. તો બીજીવસ્તુ તેમ પણ છે. આ સંપ્રદાય કે સંસ્થાના વિચારો બીજાનેયે કે અપેક્ષાએ પણ સત્ય છે. વાત એકની એક છે. પણ અપેક્ષાએ જૂદી છે. આ પ્રમાણે પ્રત્યેક પદાર્થમાં, સમાજમાં, વિચારોમાં અપેક્ષા બુદ્ધિનો ચમત્કાર સર્વથા અલૌકિક જણાઇ આવશે. દૃષ્ટિકોણ (અપેક્ષા)ને અભરાઇએ મૂકીને, ગૃહસ્થાશ્રમને ચલાવવાની હિંમત કદિપણ કરશો નહિં. અન્યથા એકબીજાની અપેક્ષાને ન સમજવાંના કારણે પરસ્પર એકજ કુટુંબમાં, પાડોશિયોમાં, સમાજમાં, જાતિઓમાં તથા સમાજ અને સંઘમાં વૈર-વિરોધ જીભાજોડી, દંતકલેશ, વગેરેના તોફાનો થશે. વધશે અને તમારા દેવદુર્લભ મનુષ્ય જીવનને સર્વથા બરબાદ કરશે, આનાથી બીજુ પાપ કયું?

ખૂબ સમજી લેવાનું છે કે ધર્મ, ક્રિયાકાંડ, મુનિરાજ, ઉપાશ્રય કે સિદ્ધાન્તો માટે કરાતા વાક્કલેશો તમને આર્તધ્યાન કે રૌદ્રધ્યાનવાળા બનાવ્યા વિના રહેશે નહિ જે અનંત ભવોમાં આપણે કરતાં આવ્યા છીએ આ ભવમાં પણ તેવું જ કરીશું તો "દીવો લઇ કૂવે પડયો ધિક્કાર છે મુજને ખરો" જેવું ભાગ્યમાં રહેશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચીમનલાલ ચકુભાઈ શાહનું પ્રેરણાદાયી જીવન

માનવ-નભો મંડળમાં અનેક તારલાઓ ચમકી ગયા. પોતાના જીવમની તેજ રેખા વિશ્વમાં અંકિત કરી ગયા જેનાથી અનેક જીવન પ્રકાશિત બન્યા અને બીજાને પ્રકાશિત કરવા તલસી રહ્યા. આવાં તારલાઓમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે; ચીમનભાઇ ચકુભાઇ શાહના જીવને.

પંકજનું ઉદ્‌ગમ સ્થાન તો પંક પણ પ્રસરાવે સુંદર પરિમલ. જનતાને તરબતર કરે મધમધતી સૌરભથી દિશાઓને પમરાટથી સભર બનાવે. તેવું જ જોવા મળે છે, તેમના જીવનમાં.

જન્મસ્થાન નાનકડું ગામ પાણસીણા તેમણે મહાણ્યા તેના પયપાન સર્જયો તેથી મહા ચમત્કાર-છીણીથી વેર વિખેર થયેલ પથ્થર તળેથી અમી ઝરણાં. ફૂટ્યા તેના મધુર સ્વાદથી સુધામય બનેલ આત્માએ અમૃતની લ્હાણી રેલાવી—શ્રી મહાવીર કલ્યાણ કેન્દ્ર દ્વારા માનાર્હ પ્રાધ્યાપક પદ દ્વારા, વિદ્યાપીઠ સેનેટ અને સિન્ડિકેટના સભ્યપદ દ્વારા.

જન્મ સ્થાનકવાસી જૈન કોમમાં. જૈન સંસ્કારોએ બાલ્યકાળથી જ જીવનને ચોળ મજેઠ રંગથી રંગી દીધું. કુટુંબની આર્થિક નબળી સ્થિતિ આશીર્વાદ રૂપ બની. જીવનના પાયા બન્યા કરુણા, સહાનુભૂતિ, સ્વાશ્રય, જ્ઞાન ઝંખના.

છતાં જીવનમાં કસોટી આવે છે ત્યારે જ સાચું મૂલ્યાંકન થાય. તદવત્ મેટ્રિકની પરીક્ષા વખતે લગ્નમિતિ નક્કી થઇ આવી. બીજી બાજુ રાજકીય વાતાવરણ પણ તંગ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં પણ પિતાજી આર્થિક સ્થિતિ અંગે આગળ અભ્યાસ કરાવવા તૈયાર ન હતાં. પણ કુદરતે સહારો આપ્યો અને એક વર્ષ માટે અભ્યાસની મંજુરી મળી. પણ અભ્યાસ માટે સાધનોનો અભાવ ભલભલાને નિર્ણયમાંથી ડગાવી દે તેવો હતો. છતાં ચાલીની બત્તીથી વાંચન કરતાં. ટિકિટના નાણાંના અભાવે ચાલીને મહાશાળા જતાં ને આવતાં પરીક્ષાનું પરિણામ સુંદર આવતાં એક વર્ષ વધુ અભ્યાસ માટે મળ્યું. શિષ્ય વૃત્તિ પણ મળી M. A. માટે સુવર્ણ ચંદ્રક અને L. L. B માટે પણ સુવર્ણ ચંદ્રક મળ્યા. God help those who help themselves યથાર્થ બન્યું.

સુવર્ણ ચંદ્રક વિજેતાને પ્રાધ્યાપક બનવાનું નિમંત્રણ મળે તેમાં નવાઈ નહિ. છતાં જીવન કોઇ અનેરૂં વ્હેણ ઇચ્છિતું અને પરિણામે સોલિસિટર બન્યા. The Secret of Nature is un fathomable.

અભ્યાસના અતિ પરિશ્રમથી તબિયત લથડી, આંતરડાના ક્ષયનું ઓપરેશન કરાવવું પડ્યું. ત્યારબાદ ડોકટરે મુંબઇ છોડવાની સલાહ આપી. પણ પોતાના દૃઢ નિશ્ચયમાં અંત સુધી અડગ રહ્યા અને નબળા દેહ પાસેથી મહાભારી કામ લીધું.

પોતાના અનુભવે એવી ભાવના સર્જી કે પોતાને નડેલ કષ્ટો બીજાના માર્ગમાં ન આવે તે માટે સામાજિક પ્રવૃત્તિ કરવી જ જોઇએ તે માટે ક્ષેત્ર પણ સાંપડ્યું અને સંકલ્પ વાસ્તવિકતામાં પરિણમ્યું.

રાજકીય ક્ષેત્રે કોંગ્રેસ સાથે લડતમાં ભાગ લીધો. પ્રાંતીય સ્વરાજ વખતે મુંબઇની પ્રજાકીય સરકારના પ્રથમ સોલિસિટર બન્યા. મુંબઇ કોર્પોરેશનમાં પણ છ છ વર્ષો સુધી સેવા આપી. બંધારણ સભામાં પોતાની શક્તિનો લાભ આપ્યો. પરદેશમાં પણ સરકાર તરફથી પસંદગી પામી, ભારતીય વિચારધારા રજુ કરી હતી.

જ્યાં જ્યાં સેવાની જરૂર જણાતી ત્યાં ત્યાં ચીમનભાઈ હોય જ — કેળવણી ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે, સંકટ સહાય્ય ક્ષેત્રે, મધ્યમ વર્ગ માનવ રાહત ક્ષેત્રે — વગેરેમાં તેમના શ્રમથી ફંડો નાણાથી ઉભરાતા. પચ્ચીસથી વધુ સંસ્થાઓના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી કે ટ્રસ્ટના હોદ્દા ધરાવતા છતાં દરેક સ્થળે પૂરતી હાજરી પૂરતી જહેમત અને પ્રશંસનીયપરિણામ પરિણામે સહુના લાડિલા, સહુના સલાહકાર સહુના દુઃખમાં સહભાગી બનવાનો અનેરો લ્હાવો મહાણ્યો ધન્ય જીવન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આટલી પ્રવૃત્તિઓ હોવા છતાં, ધર્મ તો જીવનમાં તાણાવાણા સમય વણાયેલ, શ્રી જૈન યુવક સંઘ તરફથી યોજાતી વ્યાખ્યાનમાળામાં; કોઈ એક વિષય પર મનનીય વ્યાખ્યાન આપતાં જૈન ધર્મના મહામૂલા ગ્રંથોનું વાચન ચાલુ રહેતું. આચારમાં, ધર્મ મૂર્ત સ્વરૂપે પ્રતિષ્ઠિત બન્યો હતો તેથી જ અંતિમ સમયે સમાધિ મરણ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બન્યા હતા.

" પ્રેમ અને કરૂણા એ વિચારોના માર્ગમાં આવતા બે શિખરો છે. ચીમનભાઇ એ શિખરોને અભિમુખ રહ્યા હતા "

—શ્રી હરીન્દ્ર દવે

( જન્મભૂમિ અને જન્મભૂમિ પ્રવાસીના તંત્રી )

શ્રી ચીમનભાઇ હકીકતમાં એવા દીપક હતા, જેમણે હજારો દીવડાઓ પ્રગટાવ્યા છે. તેમની જીવન સાધના માનવતાલક્ષી હતી.

—શ્રી રમણીકભાઈ કોઠારી

ચીમનભાઈ સદૈવ એક જાગ્રત આત્મા હતા. પ્રમત્ત ભાવ તેમના જીવનમાં ભાગ્યેજ જોવા મળતું. એમનું દૃષ્ટિ અને જીવન હૃદય કરુણાસભર હતું.

—ડૉ. રમણીકલાલ ચી. શાહ

ચીમનભાઈ ભારે સાધક અવસ્થામાં રહેતા હતા. તેમના મનમાં સત્તાનો મોહ ન હતો. તેમ, નામને ખાતર કામમાં રહેવામાં તેઓ માનતા નહોતા. મહાવીરના ઉપદેશ અને સ્વાધ્યાયમાં તેઓ માનતા હતા.

—શ્રી મોરારજીભાઇ દેસાઈ

આહાર તો નહીંવતજ, પણ વાણી પ્રિય અને મિષ્ટ હાસ્ય પણ નિર્ભેળ, પણ તેની પાછળ જોનારને એક નિસંગતા, ઉદાસીનતાની છાયા જોવા મળે એક અર્થમાં તેઓ જૈન ધર્મની ઉત્તમ પેદાશ હતા.

શ્રી મનુભાઈ પંચોળી "દર્શક"

ધર્મ માણસને સાચી રીતે જીવતાં શિખવાડે છે અને સાચી રીતે મરતાં શિખવાડે છે. જૈન ધર્મમાં સારા જીવન, તેમજ સારા મૃત્યુ માટે બોધ, પ્રેરણા અને સામર્થ્ય છે. એ સ્વ. ચીમનભાઈનાં ઉત્કૃષ્ટ ઉદાહરણમાં મૂર્તિમાન થયું છે.

" પ્રબુદ્ધ જીવનના તંત્રી તરીકે એમણે જે લેખો લખ્યા છે–તેમાં એમની ૨૫૭૮ નિખાલસ અને ઊંડી વિચારણા પ્રગટ થઈ છે. ચિમનભાઇનું વિચાળ વાચન પણ એ લેખોમાં પંડિતાઇનો કોઇ બોજ પ્રગટાવ્યા વિના પ્રતિબિંબિત થયા કરે છે.

—શ્રી એચ, એમ. પટેલ

અત્યંત વિપરીત સંયોગોમાં માણસની શક્તિ ક્ષીણ થઇ જાય અને જો તે દુર્ભાગી હોય તો વૃત્તિઓ વિકૃત બની જાય; પરંતુ ચીમનભાઇ તો વિચારક ચિંતક એટલે વધુ ચિંતન મનન અને સમાજ સેવાના ક્ષેત્રે આગળ વધી એ વિપરીત સંયોગો સામે વિજયવંત નિવડ્યા.

શ્રી મોહનલાલ મહેતા "સોપાન"

ચીમનભાઇ એક એવી વ્યક્તિ હતા કે જેમને મન દુઃખીનું એક આંસૂ લૂંછવું–એ મોક્ષ કરતા મોટી વાત હતી આનેજ કારણે તે ક્રિયાશીલ ગાંધીવાદી હતા.

—શ્રી વાડીલાલ ડગલી

આ મહાન આત્મા એમના અક્ષર દેહે આપણા સૌ કોઈના માટે એક જીવંત આદર્શ રૂપ બની રહે એજ પ્રાર્થના.

—જયંતિલાલ આર શાહ

'પ્રબુદ્ધ જીવન' આધારના સૌજન્યથી

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનગરમાં શ્રી શ્વેતામ્બર જૈન સેવા સમાજ દ્વારા સહીયારો પ્રયાસ

સમસ્ત વિશ્વની પરિસ્થિતિ ઝડપથી બદલાતી જાય છે. દેશની આર્થિક પરિસ્થતિ નબળી પડતી જાય છે. બીજી તરફ દેશની સામાજિક વ્યવસ્થા પણ બગડતી જાય છે. આજની યંત્રોની દુનિયામાં યંત્રવત જીવન જીવતો માનવી, માનવતા ભૂલવા માંડ્યો છે. ઝડપી અને સ્વાર્થમય જીવનમાં કોઇને બીજાની વાત સાંભળવાનો પણ સમય નથી.

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે, મનુષ્ય સમાજમાં રહે છે સમાજના સંબંધો જોડે સંકળાયેલો છે. ભારત દેશની આર્ય સંસ્કૃતિમાં સંયુક્ત કુટુંબની વ્યવસ્થા વખાણવામાં આવી છે. સંયુક્ત કુટુંબમા બાળકોને સારા સંસ્કારો મળે છે. નબળી વ્યક્તિ પણ સમાવાઈ જાય છે આજે કુટુંબ વ્યવસ્થા અને સમાજની સામાજિક વ્યવસ્થા તુટતી જાય છે. ઘણા કુટુંબો આર્થિકરીતે નબળા પડી ગયા છે. અસહ્ય મોઘવારીની ચીંતા માણસને કોરી ખાય છે. આ પરિસ્થિતિને કારણે દેશમાં સમાજમાં અસામાજિક તત્ત્વો વધે છે. સ્વમાન મૂકીને હાથ લંબાવવો કે ચોરી કરવી એ બેકારો માટે લાચારીનો રસ્તો બની જાય છે.

આ વિકટ અને વિષમ પરિસ્થિતિથી સમાજના ઘણા તૂટતા કુટુંબોને બચાવી લેવા, આપણા ભાઇઓનો હાથ ઝાલીને નબળા સમયમાં તેમને ટેકો આપવા, તેમને સાથ અને સહકાર આપીને આપણી સાથે ખભેખભા મિલાવી ચાલતા કરવા એ આપણી પ્રથમ ફરજ અને કર્તવ્ય છે.

આવી વિષમ પરિસ્થિતિથી આપણા સમાજને ઉગારવા આપણા દુ:ખી ભાઇઓના આંસુ લૂંછી તેમને સ્વમાનથી પગભર કરવાનું ભગીરથ કાર્ય કરવાની ભાવના જાગી. અને શ્રી શ્વેતામ્બર જૈન સેવા સમાજની સ્થાપના કરવામાં આવી. આ યોજનાને ભાવનગરના અનેક દાનવીર અને ઉત્સાહી કાર્યકર ભાઇઓનો સાથ અને સહકાર સાંપડ્યો છે. જરૂરીયાતવાળા નબળા કુટુંબોને કામ-ધંધો રોજગાર અને નોકરી અપાવવા આ સંસ્થાએ ભગીરથ કાર્ય ઉપાડયું છે. અને સાધર્મિક ભાઇ-બહેનોની જરૂરિયાત પૂરી કરી તેમને કાયમી સ્થાયી બનાવવા, સ્વમાનભેર જીવન જીવતા કરવા તે આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે. કોઈપણ સાધર્મિક ભૂખ્યો ન રહે, બેકાર ન રહે. એવા પવિત્ર ધ્યેય સાથે આ સંસ્થા અસ્તિત્વમાં આવી છે. સાધર્મિક બંધુઓ સુખી હશે તો ધર્મરક્ષા, ધર્મ પ્રચાર અને ધર્મ આરાધના અવશ્ય થશે.

જેઓ તદન અશક્ત છે, જેમની પડખે ઉભા રહેનાર કોઈજ નથી. કુટુંબમાં એકલા છે તેમના માટે ઘરે બેઠા તૈયાર ટીફીન ભોજનની વ્યવસ્થા શરૂ કરેલ છે. આ સંસ્થાને મુંબઈના એક સદ્‌ગૃહસ્થ તરફથી સાડીઓ મળેલ હતી જે જરૂરીયાતવાળા કુટુંબોને ફ્રી વહેંચવામાં આવેલ હતી. અનાજ-મેડીકલ સહાય-શીક્ષણ સહાય તેમજ બેંક દ્વારા લોન આ સસ્થા દ્વારા મેળવી આપવામાં સહયોગ આપી ધંધો શરૂ કરવામાં કે ચાલુ ધધાની પ્રગતિમાં સાથ અને સહકાર આપવામાં આવે છે.

જયસુખલાલ હીરાચંદ (મહુવાવાળા)ના પરીવારના સહયોગથી નેનકલાસનું કાપડ-ચણીયા માટેનું કાપડ તેમજ સ્ટીલના સેટ રાહત ભાવે આપવામાં આવેલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંડિત બેચરદાસ

**પ**રમ પાવનકારી ભૂમિ–તે ગુજરાત. આ ભૂમિએ અણમોલ રત્નો આપ્યાં છે. વિદ્યાક્ષેત્રે પાંચ વિશિષ્ટ સારસ્વતો પણ આપ્યા સ્વ. મુનિશ્રી જિનવિજયજી સ્વ મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ, પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય સ્વ. સુખલાલજી, પંડિત બેચરદાસ અને પ્રા. રસિકલાલ છોટાલાલ પરિખ આ પાંચે મહાપુરુષો ચુસ્ત સાંપ્રદાયિકો છતાં સંપ્રદાયની સંકુચિતતાથી પર હતા.

પં. બેચરદાસ એક આરુઢ વ્યાકરણ હતા. એમણે ચાંદ્રવ્યાકરણી મૂળની પ્રસિદ્ધિ કર્યા પછી છેલ્લા વર્ષોમાં કલિકાલ સર્વજ્ઞ પૂ. શ્રી હેમચંદ્રાચાર્યજીના સિદ્ધહેમનો સં. પ્રા. વ્યાકરણનો ગુજરાતી અનુવાદ સિદ્ધ કરી અસામાન્ય ભાષા સેવા કરી આપી છે ઠક્કર વસનજી માધવજી (મુંબઇ યુનિવર્સિટી) વ્યાખ્યાનો ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિના વિષયમાં એમનો મહાન ફાળો છે. તો પૂ. આચાર્ય શ્રી હેમચન્દ્રાચાર્યજીની 'દેશીનામમાળા'નો અનુવાદ ભાષા વિકાસની દૃષ્ટિએ અનુપમ છે.

**—શ્રી કે. કે. શાસ્ત્રી**

તેઓ માત્ર વિદ્યાપુરુષ નહોતા પરંતુ જીવન મૂલ્યોના આગ્રહી સત્યાન્વેષી હતા. રાષ્ટ્રીયતાની ભાવનાનો બહુ ઝાઝો પ્રચાર થયો નહોતો ત્યારે એમણે સ્વદેશીનો નિયમ કર્યો.

પંડિતજીમાં ભણતરની ભારે ભૂખ હતી માતાનો પડયો બોલ ઉપાડનાર, માતાને કશુ કહ્યા વગર બનારસ પહોંચી ગયા. બનારસમાં રાત્રે બે વાગે ઉઠીને સવારના છ સુધી બધું વાંચતા અને કંઠસ્થ કરતા. રોજ ૨૨૮૦ ધાતુઓ કડકડાટ બોલી જતા. પૂ. શ્રી હેમચંદ્રાચાર્યનો કોષ પણ કંઠસ્થ કર્યો હતો.

પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીની સાથે 'સન્મતિતર્ક'નું સંપાદનકાર્ય કર્યું આ વિદ્યા–શ્રમમાંઆંખે ઝાંખપ આવી ગઇ. છતાં વાંચન–લેખન, જિજ્ઞાસુઓને માર્ગદર્શન આપવાનું કામ અવિરતપણે ચાલુ રહ્યું.

કશુંક સારું જુએ કે તરતજ પત્રથી આનંદ વ્યકત કરતાં, કંઈક અઘટિત નથતું હોય તો પત્ર દ્વારા નિર્ભયતાથી ટીકા ટિપ્પણ લખતા. તેમનું સત્ય આકરૂં કે વાગે તેવું નહિ પણ સામાની સમજમાં સોંસરુ ઉતરી જાય તે રીતે પ્રગટ થતું

**—ડો. કુમારપાળ દેસાઈ**

સૌમ્ય પણ સ્પષ્ટવાદિતા ભર્યું વદન, વેધક પણ નિર્મળ દૃષ્ટિ ભર્યા નયન, કરુણાસભર અંતઃકરણ, પૃથકકરણ ભરી પારદર્શી પ્રજ્ઞા અને સુદીર્ઘજીવનના અગાધ પાંડિત્ય ભરી અધ્યયન નિષ્ઠાથી તે વિશેષ આત્મતત્વના શુકલ સૂક્ષ્મ

---

ભાવનગરના આ સાધર્મિક કાર્યના ક્ષેત્રે હાલ ઘણાજ સમયથી શુન્ય અવકાશ જેવુ વાતાવરણ હતું. તેમાં આ સંસ્થાનો ઉદ્‌ભવ તેમના કાર્યકરોના ઉત્સાહને–ઉમંગને આભારી છે જે ટુંક સમયમાંજ સંસ્થા લોકપ્રિય બની ચુકી છે. જે ટ્રસ્ટીઓ–કાર્યકરો પ્રસંશાને પાત્ર છે. ત્યારે આ સૌ કાર્યવાહકો–ટ્રસ્ટીઓ સાધર્મિકો પ્રત્યે ઉદાર દૃષ્ટિકોણ રાખી વિનય વિવેક અને દૃષ્ટિ તેમનો મોભો જળવાઇ રહે તેમ કાર્ય કરશે તો તે કાર્યકરો તથા સંસ્થા કાયમી સ્થિર બની રહેશે.

કોઇપણ જરૂરિયાતવાળા જૈન ભાઇ–બહેનો આ સંસ્થાનો લાભ લઇ શકે છે.

સંસ્થાનું સરનામું :– શ્રી જૈન શ્વેતામ્બર જૈન સેવા સમાજ મેતાશેરી ભાવનગર

મુલાકાતનો સમય :– સવારના ૯–૩૦ થી ૧૧–૩૦ બપોરના ૪–૩૦ થી ૭–૩૦.

**—કીર્તિકુમાર ગીરધરલાલ શાહ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વરૂપને આંબવા મથતી અપ્રગટ-ગુપ્ત આત્મ સાધના-આવું પંડિત શ્રી બેચરદાસજી વિષેનું મારુ દીર્ઘકાળનું અનુભવ દર્શન છે.

**—પ્રો. પ્રતાપરાય ટોલિયા**

ગુજરાતની નવી જમાતના અગ્રેસર જૈન ધુરંધરોમાંના તેઓ એક જાણીતા વિદ્વનમણિ છે જૂના સાહિત્યના ધૂળ ધોયા તરીકે એમની જીવન ભરની નિષ્ઠા અને ભક્તિ પરાયણતા જાણીતી છે. મહાવીર પ્રભુના જીવનમાંથી અને જૈન સાહિત્યના રત્નાગારમાંથી અણમૂલાં રત્નો ઢૂંઢી-વીણીને તે ઉપર ચડેલા કાળાતરના મેલ પોપડાને ધૂળ ઝાપટી ખંખેરીને અને ભીતરનાં રંગ ધોઇ નિખારીને પ્રજાને ભેટ કરવાના વ્યવસાયને એમણે પોતાના જીવનનું મિશન બનાવ્યું છે,

'મહાવીર વાણી' કોઈ વાદ, દર્શન, ઉપપત્તિ કે તત્વ મીમાંસા નથી, આતો માનવ જીવનને સારું અખૂટ ભાતું દેનારૂં રોજિંદા સ્વાધ્યાયનું રત્ન છે. હીરની ગાંઠ ઉપર તેલને ટીપે ગંઠીને સૌએ સદાય ને હરઘડી હૈયે વળગાડી રાખવાનું.

**—સ્વામી આનંદ**

ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ જે શાંતદાન્ત અને ક્ષાન્ત રહે તેનું પાંડિત્ય. ઉચ્ચ કોટીનું પરંતુ બધા પંડિતમાં આવું હોતું નથી. કેટલાકની જ્ઞાનની આરાધના ચઢિયાતી હોય છે પરંતુ ઇતર સ્પૃહા, એષણા અને વાસના ઓછી નથી હોતી. જેમણે જ્ઞાન પચાવ્યુ નથી તેવા પંડિતોમાં પાંડિત્યનો અહંકાર અને વાસનાઓ ઉપરનો અસંયમ જોર કરે છે. પાંડિત્ય સાથે ચારિત્ર મળે તો તેવું જીવન સૌરભવાળું બને છે કુટુંબ તેમજ સમાજ ઉપર પણ તેનો મોટો પ્રભાવ પડે છે. આવું સુંદર જીવન જીવી જાણનાર પંડિતજી બેચરદાસે જીવનની ઉત્તમ સાર્થકતા કરી છે. **—રમણલાલ સી. શાહ**

**'પ્રબુદ્ધ જીવન' ના સૌજન્યથી**


# પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

卐

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : ( સૌરાષ્ટ્ર )

**તા. ક. :** બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચતુર્થ જૈન સાહિત્ય સમારોહ–સોનગઢમાં રજૂ થયેલો પણ અપૂર્ણ વંચાયેલ શોધ-નિબંધ

# •• ગત સૈકાની ધર્મપ્રવૃત્તિ ••

ઈ. સ. ૧૮૮૪માં હર્મન યાકોબીએ જૈન ધર્મના આચારાંગ સૂત્ર અને કલ્પસૂત્ર એ બે પ્રાકૃત આગમોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો 'Jain Sotras' નામના આ પુસ્તકની પ્રસ્તાવનામાં હર્મન યાકોબીએ પ્રતિપાદિત કર્યું કે જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મની શાખા નથી. એમણે પ્રો. Lassen[1] ની ચાર દલીલોનું ક્રમસર ખંડન બતાવ્યું કે જૈન ધર્મ એ અન્ય ધર્મો કરતાં અને તેમાંય બૌદ્ધ ધર્મ કરતાં તો તદ્દન સ્વતંત્ર ધર્મ છે.[2] હર્મન યાકોબીએ કરેલું આ નિરસન પછીના સમયગાળામાં ઘણું મહત્વનું બની રહ્યું. પશ્ચિમના અનેક વિદ્વાનોએ જૈન વિદ્યાના ક્ષેત્રમાં પોતાનું આગવું પ્રદાન કર્યું. જૈન ધર્મ વિશે કોલબ્રૂકે (Colebrooke ઇ. સ. ૧૭૬૫–૧૮૩૭) પોતાના મૌલિક પુસ્તકમાં કેટલીક સર્વગ્રાહી હકીકતો રજૂ કરી. એ પછી ડો. એચ. એચ. વિલ્સને (Wilson ઇ. સ. ૧૭૮૪–૧૮૬૦) આ ક્ષેત્રમાં વિશેષ પ્રદાન કર્યું જ્યારે જૈન ગ્રંથોના અનુવાદની સમૃદ્ધિ પરંપરાનો પ્રારંભ ઓટો બોટલિંક (Otto Bothlingk) દ્વારા થયો. એમણે ઇ. સં. ૧૮૪૭માં (Rieu) સાથે હેમચન્દ્રાચાર્યના 'અભિધાન ચિંતામણિ'નો જર્મન અનુવાદ કર્યો. આગમ ગ્રંથોના અનુવાદ કરવાનું મહત્વનું કાર્ય રેવ. સ્ટીવન્સને (Rev stevenson ૧૮૪૮ માં 'Kalpa Sutra and Nava Tatva') "[3] દ્વારા કર્યું. આ પુસ્તકમાં કલ્પસૂત્ર અને નવ તત્વ વિશે અર્ધમાગધીમાંથી અંગ્રેજીમાંથી અનુવાદ પ્રગટ થયો. આની પ્રસ્તાવનામાં તેમણે જૈન ધર્મ, પર્યુષણ તીર્થંકરો અને જૈન ભૂગોળ વિશે પરિચય આપ્યો અને પુસ્તકને અંતે અર્ધમાગધી ભાષા વિશે પરિશિષ્ટમાં નોંધ કરી. સંસ્કૃત ભાષાના વિદ્વાન વેબરે ઈ. સ. ૧૮૫૮ માં 'શત્રુંજય મહાત્મ્ય' અને ઈ.સ. ૧૮૬૬ માં 'ભગવતી સૂત્ર'માંથી કેટલાંક ભાગો પસંદ કરી અનુવાદ કર્યો, એટલું જ નહિ પણ એણે જૈન આગમો અને જૈન સંશોધનની દિશામાં મહત્વનું કાર્ય. લાસેન, વિલ્સન અને વેબર જેવા વિદ્વાનોની બૌદ્ધ ધર્મમાંથી જૈન ધર્મનો જન્મ થયો છે. એવી માન્યતાને યાકોબીએ 'નિરર્થક દેખાવ ઉપરથી અને આકસ્મિક સમાનતા ઉપરથી" કરવામાં આવેલી ગણાવીને સાબિત કર્યું કે "જૈન અને બૌધ્ધ એ બે એકબીજાથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર ધર્મસંઘ છે. અને મહાવીર તથા ગૌતમ બુધ્ધ એ બે સમકાલીન ભિન્ન મહાપુરુષો હતા." કલ્પસુત્રનું સ્ટીવન્સને કરેલું કામ સપાટી પરનું હતું, જ્યારે યાકોબીનું કામ સર્વગ્રાહી હતું. આ પ્રણાલિકામાં લોયમાન (Leumann), કલાટ (klatt) બુહલર (Buhler) 'હોર્નલે (Hoernel) 'વિન્ડિશ (Windisch) જેવા વિદ્વાનોએ જૈન ગ્રંથોનું સંપાદન કાર્ય કર્યું. એમાંય વિખ્યાત પુરાતત્વવેત્તા ડો. ઇ. એફ. આર હોર્નલેએ ચંડકૃત 'પ્રાકૃત લક્ષણ' અને 'ઉપાસગ દશાઓ' (ઉપાસગ દશાંગ) ગ્રંથોને સંશોધિત–અનુવાદિત કરી પ્રસિધ્ધ કર્યા. જૈન પટ્ટાવલિઓ પણ પ્રકાશિત કરી. ઇ.સ. ૧૮૯૭ માં બંગાળની એશિયાટિક સોસાયટીના પ્રમુખ બનેલા હોર્નલેએ પછીના વર્ષે સોસાયટીની વાર્ષિક સભામાં 'Jainism and Buddhism' વિશે પ્રવચન આપ્યું. અને તેમાં યાકોબીના મતનું સમર્થન કર્યું 'ઉપાસગ દશાઓ'નું સંપાદન કરીને એના આરંભમાં હોર્નલે સ્વરચિત સંસ્કૃત પદ્યમાં સંપાદન શ્રી આત્મારામજી મહારાજને અર્પણ કર્યું. હોર્નલ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજને પોતાની શંકાઓ વિશે પુછાવતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંગ્રેજ વિદ્વાનોનું જૈનોને અપ્રતિમ પ્રદાન

હતા. એમના દ્વારા ઇ. સ. ૧૮૯૫ માં અમેરિકાના ચિકાગો શહેરમાં યોજાયેલી પાર્લામેન્ટ ઓફ રીલીજીયન્સ (વિશ્વધર્મ પરિષદ) માં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે હાજર રહેવાનું બહુમાન મળ્યું.

તેઓએ આ પરિષદમાં પોતે તૈયાર કરેલા નિબંધ સાથે શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને મોકલ્યા. મહુવાના વીસા શ્રીમાળી શ્રી વીરચંદ ગાંધી ઇ. સ. ૧૮૮૫ માં 'જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયા' ના માનાર્હ સેક્રેટરી બન્યા. શ્રી વીરચંદ રાઘવજી ગાંધી પહેલીવાર પરદેશ ગયા ત્યારે એમની સભામાં ખુરશીઓ ઉછળી હતી. જો કે એ પછી એમણે બે બે વખત વિદેશ-યાત્રા કરેલી, પોતાની વિદ્વત્તા, વકૃત્વશક્તિ, અને ધર્મ-પરાયણતાને કારણે અમેરિકાનાં પ્રવાસમાં એમણે વિદ્વાનો અને સામાન્ય જનોને પ્રભાવિત કર્યા. વિશ્વધર્મ પરિષદના આવાહકો અને વિદ્વાનોએ એમને રૌપ્ય ચંદ્રક એનાયત કર્યા. કાસાડોગા શહેરના નાગરિકોએ એમને સુવર્ણ ચંદ્રક આપ્યો. જૈન ધર્મ પર વ્યાખ્યાનો આપી તેનું રહસ્ય અને વ્યાપકતા દર્શાવ્યાં. વળી આની સાથો સાથે ભારતનાં તમામ દર્શનોની વાત સરળતા અને કુશળતાથી સમજાવી. અમેરિકા પછી ઇંગ્લેન્ડમાં આવ્યા અહીં જૈન ધર્મ વિશેની જિજ્ઞાસા જોઇને શિક્ષણ વર્ગ ખોલ્યો. એમાંના એક જિજ્ઞાસુ હર્બર્ટ વોરને માંસાહારનો ત્યાગ કરી જૈન ધર્મનું પાલન કર્યું. એમણે શ્રી વીરચંદભાઈ ગાંધીના ભાષણોની નોંધ લીધી તેમ જ અંગ્રેજીમાં હર્બર્ટ વોરને જૈન ધર્મ વિશેનું પુસ્તક લખ્યું.[૬] શ્રી વીરચંદભાઇ ગાંધીએ વિદેશના આ પ્રવાસ દરમ્યાન ૫૩૫ વ્યાખ્યાન આપ્યાં. આમાંના કેટલાંક **'Jaina philosophy' 'Yoga Philosophy** અને **Karma Philosophy'** એ ત્રણ પુસ્તકોમાં જળવાય છે. વોશિંગ્ટનમાં 'ગાંધી ફિલોસોફિકલ સોસાયટી'ની સ્થાપના થઇ.

શિકાગોની સર્વધર્મ પરિષદમાં વિવેકાનંદે હિંદુધર્મ અને સંસ્કૃતિને પ્રભાવક વાચા આપી તો શ્રી વીરચંદ ગાંધીએ જૈનધર્મ અને એથીયે વ્યાપક દૃષ્ટિએ ભારતીય દર્શન ઉપર નજર ઠેરવી. ઈ. સ. ૧૯૦૧માં માત્ર ૩૭ વર્ષની વયે શ્રી વીરચંદ ગાંધીનું અવસાન થયું. જ્યારે ઇ. સ. ૧૯૦૨માં ૪૦ વર્ષની વયે વિવેકાનંદ બેલૂર મઠમાં અવસાન પામ્યા. વિવેકાનંદના જીવન અને કાર્યની ચિરસ્થાયી અસર રહી જ્યારે શ્રી વીરચંદ ગાંધીનું મહાનકાર્ય વિસ્મૃતિમાં દટાઇ ગયું. માત્ર લંડનમાં જૈન લિટરેચર સોસાયટીની સ્થાપના થઇ, જેના સેક્રેટરી હર્બર્ટ વોરન હતા **'Jainism not an Atheism'** માં વોરને જૈનોની ઇશ્વર વિશેના વિચારણા અને ષડ્ દ્રવ્યોની ભાવનાની ચર્ચા કરી છે આ પુસ્તકમાં શ્રી સંપતરાય જૈનનું, **'A peep behind the veil of karma'** પ્રવચન પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. બેરિસ્ટર સંપતરાય જૈને લખેલું **'The Key of knowledge'** નામનું પુસ્તક એ જમાનામાં ઘણું વખણાયું હતું. આ પુસ્તકના ચૌદ પ્રકરણોમાં જુદા જુદા ધર્મોને લક્ષમાં રાખીને ઇશ્વર, યોગ, કર્મને કાયદો જેવા વિષયો પર આધ્યાત્મિક ખોજ લેખકે કરી છે. જૈન ધર્મની સપ્તભંગીના સિદ્ધાંત પર એમનું વિશેષ લક્ષ છે.

ઈ. સ. ૧૯૦૪માં શ્રી વિજય ધર્મ સુરિજી સિધમાં આવ્યા એમણે યુરોપના અનેક વિદ્વાનો સાથે જૈન સાહિત્યના સંશોધન અને સંપાદન અંગે બહોળો પત્ર વ્યહાર કર્યો. જૈન વિદ્યાના અધ્યયન-સંશોધનનાં પ્રવાહ યુરોપમાંથી અમેરિકા અને જાપાનમાં પણ વળ્યો છે. જાપાનના સુઝુકો ઓહિરાએ 'તત્વાર્થ સુત્ર' પર સંશોધન કર્યું. પેરિસમાં જૈન કોસ્મોલોજી વિશે ઊંડો અભ્યાસ કરનાર કોલેરી કાવાએ જૈન વ્યવહાર ભાષ્ય પર મહાનિબંધ લખ્યો. પેરિસમાં વસતાં ડો. નલિની બલબીરે દાનાષ્ટક કથાનું સંશોધન કર્યું. અત્યારે જર્મનીમાં જૈન વિદ્વાનોનો વિશેષ અભ્યાસ થઇ રહ્યો છે. આમાં કલાઉસ બ્રુન અને ચંદ્રભાનું ત્રિપાઠીનું પ્રદાન મહત્ત્વનું ગણાય.

કલકત્તાના રાય ધનપતસિંહ બહાદુરે જૈન આગમો છપાવવાની શરૂઆત કરી. સુરતની આગમોદય સમિતિ દ્વારા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી સાગરાનંદસુરિએ એકલા હાથે ઘણા મોટા પાયા પર ‘આગમ પંચ ગીના’ સંશોધન મુદ્રણનું કાર્ય કર્યું. આવું વિરાટ કામ એ પછી એકલે હાથે બીજા કોઈએ કર્યું નથી. ભાવનગરની જૈન ધર્મ પ્રસારક સભા, આત્માનંદ સભા અને યશોવિજયજી જૈન ગ્રંથમાળાએ જૈન સાહિત્યના ‘મહત્વના ગ્રંથો’ પ્રકાશિત કર્યા ‘સેક્રેડ બૂક ઓફ ધી જૈનસ’ ગ્રંથમાળામાં અનેક જૈન ગ્રંથોના અનુવાદો કરાવી પ્રગટ થયા. આ ઉપરાંત અત્યારે લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા પ્રકાશન પ્રવૃત્તિ ચાલી રહી છે. દિગમ્બરોમાં ભારતીય જ્ઞાનપીઠ દ્વારા ઘણાં જૈન ગ્રંથોનું વ્યવસ્થિત સંશોધન અને સંપાદન થયું. 'Jain art and Architecture' નામના ત્રણ મહત્વના ગ્રંથો તે સંસ્થાએ પ્રકાશિત કર્યા છે. ઇ. સ. ૧૯૦૪માં શાસ્ત્રીય કે ધાર્મિક જૈન ગ્રંથો પ્રગટ કરવા સામે વિરોધ થતો હતો, ત્યારે શ્રી નાથૂરામજી પ્રેમીએ હિન્દી ગ્રંથ રત્નાકર શ્રેણી દ્વારા મહત્વના ગ્રંથો પ્રગટ કર્યા. અને આ જ સમયમાં ‘જૈન હિતૈષી’ અને ‘જૈન મિત્ર’ સામયિકનું પ્રકાશન થયું. ત્રીસ જેટલા ગ્રંથોની રચના કરી.

શ્રી વિજયધર્મસુરિજીએ બનારસમાં સ્થાપેલી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા પાસેથી શ્રી યશોવિજયજી ગ્રંથમાળા ઉપરાંત ગુજરાતને ત્રણ વિદ્વાનો મળ્યા. દર્શન શાસ્ત્રના ઊંડા અભ્યાસી પં. સુખલાલજી, જૈન પ્રાકૃત ગ્રંથોના સંશોધક પં. બેચરદાસ દોશી અને પં. હરગોવિંદદાસ શેઠ બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપનનો આ સમય હતો. આ સમયે બનારસના સ્યાદ્વાદ મહાવિદ્યાલયે દિગમ્બર સંપ્રદાયના વિદ્વાનો તૈયાર કરવાનું ઘણું મોટું કામ કર્યું.

પુરાતત્વીય સંશોધન અને પ્રકાશનના ક્ષેત્રે મહત્વનું કાર્ય થયું છે. રાઇસ (Rice), હુલ્સે, કીલ્હેન (Kielhorn) પીટર્સન (peterson), ફર્ગ્યુસન (Fergusson) અને બર્જેસ (Burgess) જૈનધર્મનાં મંદિરો, શિલાલેખો અને હસ્તપ્રતો વિશે સંશોધન કર્યું. મથુરાના કંકાલી ટીલાના ઉત્ખનનમાં જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ ધર્મના, ધર્મ વિશેની પુરાતત્વની ઉત્તમ સામગ્રી મળી, આની સાથોસાથ જૈન ઇતિહાસની કેટલીક મહત્વની કડી પણ હાથ લાગી જ્યારે બર્જેસનું સચિત્ર પુસ્તક 'Temples of SatrunJaya' સીમા ચિહ્નરૂપ ગણી શકાય.

જૈન ધર્મના ઈતિહાસ અને પુસ્તકો વિશેનું જ્ઞાન તો વિસ્તાર પામ્યું, પણ ઘણાખરા સંશોધકોનું વલણ તત્વજ્ઞાન કે સંસ્કૃતિ કર્તા પુરાતત્વ અને ભાષા શાસ્ત્ર પ્રત્યે વધુ હતું. આથી આવી સ્થિતિનું ઇ. સ. ૧૯૦૬ માં યાકોબીએ ઉમાસ્વાતિના ‘તત્વાર્થાધિગમ’ સુત્રનો અનુવાદ કરતાં જૈન સિદ્ધાંતની ગવેષણા શરૂ થઈ. યાકોબીના શિષ્યો કિર્ફેલ અને ગ્લાસાપેએ આ કાર્ય આગળ ધપાવ્યું. શુબ્રિંગ, હર્ટલ અને ગેરિનો જેવા અનેક સંશોધકોએ કાર્ય કર્યું. એણે બતાવ્યું કે પંચતંત્રની મૂળ વાર્તા જૈનોની છે એ પછી ભગવાનલાલ ઇંદ્રજી, ભાઉદાજી, ભાંડારકર, સતીશચંદ્ર વિદ્યાભૂષણ, ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ, મુનિશ્રી જિનવિજયજી, શ્રી દલસુખભાઇ માલવણિયા, ભોગીલાલ સાંડેસરા, અગરચંદજી નાહટા, રમણલાલ ચી. શાહ, એ. એન ઉપાધ્યે કૈલાસચંદ્રજી, ઉમાકાન્ત શાહ, લાલચંદ પંડિત, હીરાલાલ રસીકદાસ કાપડિયા, મોતીચંદ કાપડિયા, મુનિશ્રી ચતુરવિજયજી. મુનિશ્રી જમ્બુવિજયજી, શ્રીચંદ રામાપોરિયા, અમરમુનિ, ડો. હીરાલાલ જૈન વગેરેએ જૈન ધર્મ અને સાહિત્ય વિશે શોધખોળ કરી, આગમ સંશોધનમાં મુનિશ્રી પુણ્યવિજયજીએ સંગીન અને સમૃદ્ધ કર્યું કર્યું

સંશોધનના કાર્યમાં મોહનલાલ દલીચંદ દેસાઇનો ફાળો અવિસ્મરણીય રહેશે જૈન ગુર્જર કવિઓના ત્રણ ભાગમાં જૈનસાહિત્ય અને જૈન ઇતિહાસનું ઊંડુ પરિશીલન કરીને એમણે જે કાર્ય કર્યું છે. તેને શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરીએ મહાભારત ગ્રંથ (Magnum opu) તરીકે વર્ણવ્યું છે. સિંધી ગ્રંથમાળા પૂજાભાઈ ગ્રંથમાળા જેવી સ્થાઓ દ્વારા જૈન સાહિત્યનુ પ્રકાશન થયું છે. ગુજરાત પરતત્ત્વ મંદિરે જૈન વિદ્યાના ખેડાણમાં મહત્વનુ કામ કર્યુ છે. સિધ્ધસેન દિવાકરની સન્મતિતર્કની ૧૦૦ પ્રાકૃત ગાથા પર શ્રી અભયદેવસુરિની

# મોહનલાલ દલીચંદ દેસાઇનો જૈન સાહિત્યમાં અવિસ્મરણીય ફાળો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પંચતંત્રની મૂળ વાર્તા જૈનોની : સંશોધક હર્ટલનું પ્રતિપાદન

પચીસ હજાર શ્લોકોની 'વાદ્ મહાર્ણવ' નામની ટીકા લખવામાં આવી છે. આ ગ્રંથે એ જૈન દર્શનનો આકાર ગ્રંથ છે. આની અનેક હસ્ત પ્રત એકત્ર કરીને પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ એનું સંપાદન કર્યું. દસ યક્તિ વાંચે અને પં. સુખલાલજી એનો નિર્ણય કરે. આ દ્રશ્યને જોઇને હર્મન યાકોબી જેવા વિદ્વાન સ્તબ્ધ થઈ ગયા હતા. જૈનધર્મના સાર રૂપે વિનોબાજીનું પુસ્તક 'સમણસુત્ત' પણ આ સંદર્ભમાં યાદ આવે.

સાત ભાગમાં પ્રગટ થયેલા 'અભિધાન રાજેન્દ્ર કોશ' કે આગમ આદિ જૈન સાહિત્યના સંચયરૂપ પુસ્તક ગણાય. આમાં શ્રી રાજેન્દ્રસુરિજીએ આગમો, ભષ્યો નિર્યુક્તિઓ વગેરે પ્રાચીન અને અર્વાચીન પ્રાકૃત ગ્રંથોનું દોહન કરીને શબ્દ સંગ્રહ કર્યો પ્રત્યેક પ્રાકૃત શબ્દની આગળ સંસ્કૃત પર્યાય મૂકયો અને અતિ વિસ્તારથી સંસ્કૃત ભાષામાં એની સમજૂતી આપી. જ્યારે ગુજરાતીમાં શતાવધાની પં. મુનિશ્રી રત્નચંદ્ર સ્વામીએ 'જૈનાગમન શબ્દ સંગ્રહ, ૮ આપ્યો, આમાં અર્ધમાગધીમાંથી ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત અર્થ આપવામાં આવ્યા છે. શ્રી હરગોવિંદદાસ શેઠનો 'પાઇય સદ્દમહણ્ણવો એ આગમને અન્ય નોંધપાત્ર કોશ છે દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધારક ફંડ દ્વારા પણ જૈન સાહિત્યના સંખ્યાબંધ ગ્રંથો પ્રગટ થયા છે. પ્રચ્ય વિદ્યામંદિર (વડોદરા), ભાંડાર કર ઇન્સ્ટીટયૂટ પૂના) જૈન સંસ્કૃત સીરીઝ તેમજ વારાણસીની પાર્શ્વનાથ વિદ્યાશ્રમ દ્વારા ગ્રંથ પ્રકાશનનું કાર્ય થયું છે. પાર્શ્વનાથ વિદ્યાશ્રમે પ્રકાશિત કરેલા જૈન સાહિત્ય બૃહદ ઈતિહાસના ગ્રથો બહુમૂલ્ય ગણાય આ સંસ્થા તરફથી જૈન સાહિત્ય અને સંશોધનમાં ઘણાને પી. એચ. ડી.ની ઉપાધિ મળી છે. જ્યારે વૈશાલીની અહિંસા એન્ડ પ્રાકૃત વિદ્યાપીઠ ' એ જૈન અધ્યયનને વરેલી સંસ્થા છે, બનારસ યુનિવર્સિટી, મૈસુર યુનિવર્સિટી, પુના યુનિવર્સિટી, ઉદયપુર યુનિવર્સિટી, જેવી યુનિવર્સિટીમાં જૈન વિદ્યાના આસન (Chair) દ્વારા જૈન સંશોધન અને અભ્યાસનું કાર્ય ચાલે છે. જ્યારે કેટલીક યુનિવર્સિટીમાં જૈન સંશોધન કેન્દ્ર દ્વારા આ કાર્ય થઇ રહ્યું છે. દિલ્હીની કેન્દ્રીય સંપૂર્ણાનંદ સંસ્થાન અને ધારવાડમાં પણ આ કામ થાય છે.

કેટલીક ગ્રંથશ્રેણીઓએ જૈન સાહિત્યના પ્રસાર અને પ્રચારનું મહત્વનું કામ કર્યું છે. આમાં શ્રી શાંતિપ્રસાદ શાહના માતુશ્રીની સ્મૃતિમાં પ્રસિદ્ધ થતી. 'મૂર્તિદેવી ગ્રંથમાળા' નોંધપાત્ર ગણાય. ષટ્ખંડાગમ. જયધવલા, મહાધવલા, જેવા આગમતુલ્ય ગ્રંથોનું વ્યવસ્થિત સંશોધન અને સંપાદન સોલાપુરથી થયું છે. જીવરાજ-ગૌતમ ગ્રંથમાળા દ્વારા ડો. એ. એન. ઉપાધ્યેના માર્ગદર્શન હેઠળ દિગમ્બર ગ્રંથોનું પ્રકાશન કાર્ય થયું છે. ભારતીય જ્ઞાનપીઠનો એક લાખ રૂપિયાનો એવોર્ડ (કરમુક્ત)એ પણ જૈન સંઘની જ્ઞાન-ભક્તિ અને ઉદારતાનું પ્રતીક છે શ્રી શાંતિપ્રસાદ જૈને એકાવનમાં વર્ષ નિમિત્તે આ એવોર્ડની યોજના કરી ભારતીય જ્ઞાનપીઠ દ્વારા ત્રણ ભાગમાં પ્રસિદ્ધ થયેલાં 'Jain Art and Architecture' પુસ્તકો મહત્વપૂર્ણ ગણાય. ૧૦ શ્રી ગોકુળદાસ કાપડયાનું પૂજ્ય શ્રી યશોદેવસુરિના સહકારથી પ્રગટ થયેલું ભગવાન મહાવીરનું આલ્બમ તેમજ મદ્રાસથી પ્રસિદ્ધ થયેલું 'તીર્થ દર્શન' શકવર્તી પ્રકાશન ગણી શકાય

જૈન સંસ્થાઓમાં ભાવનગરના શ્રી યશોવિજય ગ્રંથમાળા, શ્રી જૈન આત્માનંદ સભા અને શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ ઘણું મહત્વનું કાર્ય કર્યું. જીવદયા મંડળી જેવી સંસ્થાએ અહિંસાનો પ્રચાર કર્યો. સંવત ૧૯૫૮માં ફલોધીમાં શ્રી ગુલાબચંદ ઢઢ્ઢાના પ્રયાસથી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનો જન્મ થયો. બીજે વર્ષે મુંબઈમાં એનું મોટા પાયા પર અધિવેશન યોજાયું. આ સંસ્થાએ જૈનાગમ, ન્યાય ઔપદેશિક ભાષા–સાહિત્ય, તત્વજ્ઞાન અને વિજ્ઞાન વગેરે વિષયોના સુચિગ્રંથ જેવો ' જૈન ગ્રંથાવલિ ' નામે સુચિગ્રંથ પ્રસિદ્ધ કર્યો. જેસલમેર, પાટલા અને લીંબડીના ગ્રંથભંડારો એણે પ્રસિદ્ધ કરેલી યાદ અભ્યાસીઓને માટે અમૂલ્ય બની રહી છે. આ સંસ્થા દ્વારા સામયિક અને પુસ્તક પ્રકાશનનું પણ

## બર્જેસનું 'ટેમ્પલ્સ ઓફ શત્રુંજય' સચિત્ર પુસ્તક : એક સીમા ચિહ્ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નોંધપાત્ર કાર્ય થયું છે. ઈ. સ. ૧૮૯૩માં દિગમ્બરોએ ભારતી વર્ષીય દિગમ્બર જૈન મહાસભાની સ્થાપના કરી અને 'ખુરઇ' ને તેના મુખ્ય સ્થળ તરીકે રાખ્યું. જ્યારે ૧૯૦૬માં સ્થાકવાસીઓએ અજમેરમાં પહેલી કોન્ફરન્સ ભરી સમગ્ર ભારતના જૈન સંપ્રદાયોને એકત્રિત કરવાના પ્રયાસ રૂપે ઇ સં. ૧૮૯૯માં **Jain Youngmen's Association** સ્થપાયું અને ૧૯૧૦ માં તેનું નામ 'ભારત જૈન મહામંડળ' રાખવામાં આવ્યું. યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની પ્રેરણાથી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઇ. તા. ૧૮–૬–૧૯૧૫ના દિવસે પંદર વિદ્યાર્થીઓથી ભાડાના મકાનમાં શરૂ થયેલી. આ સંસ્થા વટવૃક્ષની જેમ ફૂલીફાલી છે. આ સંસ્થાએ નવી પેઢીને ઉચ્ચ શિક્ષણ માટેની સવલતો આપીને, દુઃખી કુટુંબોને સુખી બનાવીને સમાજના ઉત્કર્ષનું મહત્વનું કાર્ય કર્યું છે. આજે મુંબઇ ઉપરાંત અમદાવાદ, પૂના, વડોદરા, વલ્લભવિદ્યાનગર અને ભાવનગરમાં આ સંસ્થાની પાંચ શાખાઓ છે. વળી વિદ્યા વિસ્તારની સાથોસાથ જૈન આગમ ગ્રંથમાળા જેવી મોટી યોજના હાથ ધરીને સાહિત્ય પ્રકાશનના ક્ષેત્રમાં પોતાનો ફાળો આપ્યો છે. આચાર્ય શ્રી વલ્લભવિજય સૂરિજીની સમાજ ઉત્કર્ષની ઝંખના અને વિદ્યાવિસ્તારની તમન્નાનું શ્રી મહાવીર જૈન વિદ્યાલય ચિરંજીવ સ્મારક બની રહ્યું છે.

જૈન ભંડારોમાં માત્ર જૈન પુસ્તકોનો જ સંગ્રહ નથી, પણ એના સ્થાપકો અને સાચવનારાઓએ પ્રત્યેક વિષય અને દરેક સંપ્રદાયના પુસ્તકો સગ્રહવાનો પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે. પ્રાચીન અને મહત્વનાં બૌદ્ધ તેમજ બ્રાહ્મણ સંપ્રદાયના પુસ્તકો જૈન ભંડારોમાંથી મળી આવે છે. જે અન્યત્ર ક્યાંય મળતાં નથી. માત્ર કાગળ ઉપર લખાયેલાં પુસ્તકો જ નહિ, પરંતુ તાડપત્રનાં પણ હજારો પુસ્તકો અને આખેઆખા ભંડારો સાચવી રાખવાનું વિરલ કાર્ય ગુજરાતના જૈનોએ કર્યું છે. મહા ગુજરાતનાં દરેક નાનાં–મોટાં શહેરોમાં એક કે તેથી વધુ જૈન ભંડારો મળે જ. અને પાટણ, લીંબડી કે ખંભાત જેવા શહેરો જૈન ભંડારોને લીધે જાણીતા થયા છે. એ શહેરનું નામ પડતાં વિદ્વાનને પહેલા એના ગ્રંથભંડારની યાદ આવશે.

છેલ્લાં એકસો વર્ષમાં રચાયેલાં તીર્થો પર નજર કરીએ તો ગુજરાતના મહેસાણા, કલીકુંડ પાર્શ્વનાથ (ધોળકા) ભોંયણી, પાનસર, સેરિસા, પંજાબમાં કાંગણ અને મદ્રાસથી ૧૫ કિલોમીટર દૂર પોલાલ ગામમાં પુંડલ તીર્થ (કેસરવાડીની) રચના થઇ. રાષ્ટ્રીય સ્તરે ભગવાન મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ મહોત્સવની ઉજવણી થઇ ગોમટેશ્વરની બાહુબલિની મૂર્તિને એક હજાર વર્ષ થયાં તેનો ભવ્ય મહોત્સવ થયો દક્ષિણના ધર્મ સ્થળ અને ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદમાં અનુક્રમે આશરે ૪૨ ફૂટ અને ૩૯ ફૂટ ઉંચી બાહુબલિની મૂર્તિઓ સ્થાપવામાં આવી. આ મૂર્તિ કારકાલમાં શ્રી વીરેન્દ્ર હેગડેએ તૈયાર કરી હતી. બોરીવલીના નેશનલ પાર્ક પાસે પોતાનપુરના આશ્રમમાં ઋષભદેવ, ભરતદેવ અને બાહુબલિની મોટી મૂર્તિઓ મળે છે. સર્વ ધર્મની વિલક્ષણ ભાવના પ્રબોધતું, ઘાટકોપરનું સર્વોદય મંદિર કેમ ભૂલી શકાય? અહીં એક હજારથી પણ વધુ શ્રી પાર્શ્વનાથની મૂર્તિઓ છે. તારંગા, આબુ, રાણકપુર, શત્રુંજય અને જુનાગઢનાં તીર્થોનો જીર્ણોદ્ધાર થયો. આમા ઘણાં જીર્ણોદ્ધારમાં શ્રેષ્ઠી વર્ય શ્રી કસ્તુરભાઈ લાલભાઈની કલાદૃષ્ટિ પ્રતીત થાય છે. શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ તીર્થોની વ્યવસ્થા અને તીર્થોદ્ધારનું કાર્ય કર્યું. આ કાર્યોમાં શ્રી પ્રભાશંકર સોમપુરા, નર્મદાશંકર સોમપુરા, અમૃતલાલ ત્રિવેદી, નંદલાલ અને ચંપાલાલજીએ મહત્વનું યોગક્ષાન કર્યું. આ સમયગાળા દરમ્યાન આગમ મંદિરોની સ્થાપના સારી પેઠે થઇ. સૂરત, શંખેશ્વર, અમદાવાદ, શત્રુંજય, વેરાવળ વગેરે આગમ મંદિરો સ્થપાયાં, શ્રી કાનજી સ્વામીએ પણ આગમ મંદિરો બંધાવ્યાં. ગુજરાતમાં ૭૫ જેટલાં દેરાસરો રચ્યાં. આ સમયગાળામાં તીર્થ અને પર્વતિથિ નિમિત્તે જૈન સંઘોમાં ઘણા વિવાદ અને વિખવાદ થયા, જે કમનસીબી હજી પણ જોવા મળે છે.

ઇ. સ. ૧૯૩૪માં શ્વેતામ્બર સંઘનું મુનિ સંમેલન થયું. આમાં સાતસો સાધુઓ એકત્રિત થયા હતા. અને તેમણે પટ્ટક બહાર પાડયો હતો. ઇ. સ. ૧૯૬૩ અમદાવાદમાં અખિલ ભારતીય જૈન શ્વે. મ. શ્રમણો પાસક સંમેલન યોજાયું. સંઘની આચારશુદ્ધિ અને તેમાં પેઠેલી શિથિલતા દૂર કરવા માટે એનું આયોજન થયું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું. પરંતુ તેનો હેતુ સફળ થયો નહિ. આચાર્ય તુલસીએ લાડનૂમાં 'જૈન વિશ્વભારતી' સંસ્થા સ્થાપી. આ સંસ્થામાં અધ્યયનનું પ્રેરણાદાયી કામ ચાલે છે તેમ જ તેનું. આગમ પ્રકાશનનું કાર્ય પણ મહત્વનું ગણાય. સ્થાનકવાસી સંઘ દ્વારા રાજગૃહીના પહાડની તળેટીમાં ઉપાધ્યાય અમરચંદજી મહારાજના ઉપદેશથી સ્થાપાયેલી વીરાયતન નામની સંસ્થા લોકશિક્ષણ, લોકસેવા, ધ્યાનસાધના, સાહિત્ય પ્રકાશન અને શાસ્ત્રોના અધ્યયન–અધ્યાપનનું કાર્ય કરે છે. સ્થાનકવાસી શ્રી સુશીલમુનિ અને શ્વેતામ્બર પંથના શ્રી ચિત્રભાનું મહારાજના વિદેશગમનથી બંને પંથમાં ઘણો મોટો વિવાદ જાગ્યો હતો.

ગુજરાતમાં શ્રેષ્ઠિઓની ગૌરવભરી પરંપરા જોવા મળે છે, જૈન શ્રેષ્ઠિઓએ ધર્મ પ્રવૃત્તિ ઉપરાંત વ્યાંપક સમાજ કલ્યાણની પ્રવૃત્તિઓમાં જીવંત રસ લીધો છે. મોતીશા શેઠ, નરસિંહ કેશવજી નાયક, પ્રેમાભાઇ શેઠ, નરસિંહનાથા, પ્રેમચંદ રાયચંદ, હઠીભાઇ શેઠ, મયાભાઇ પ્રેમાભાઇ, કસ્તુરભાઈ મણિભાઈ અંબાલાલ સારાભાઇ, મનસુખભાઈ શેઠ, લાલભાઈ શેઠ અને કસ્તૂરભાઈ લાલભાઇ જેવાએ તો ઘણી પ્રવૃત્તિ કરી છે. શ્રેષ્ઠિવર્ય શ્રી કસ્તૂરભાઇ લાલભાઇએ તો શ્રી આણંદજી કલ્યાણજી પેઢીનો વહીવટ, જીર્ણોદ્ધારનું કાર્ય, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની સ્થાપના ઉપરાંત અનેક શિક્ષણ પ્રસારનાં કાર્યો કર્યા છે, જ્યારે મહિલાઓમાં પણ હરકોર શેઠાણી અને ઉજમ ફઇ જેવી કુશળ સન્નારીઓએ સફળતાથી મોટો કારભાર સંભાળ્યો છે. ભીમશી (ભીમસિંહ) માણેકે એક લાખના ખર્ચે વર્ષો પહેલાં પ્રકરણ રત્નાકર ચાર ભાગ પ્રસિદ્ધ કરવાની યોજના કરી હતી. એમણે સુયગડાંગ આદિ આગમો તથા જૈન કથા રત્નકોશના આઠ ભાગો અનુવાદ સહિત પ્રગટ કર્યા. આ ગ્રંથે એ લોકોના ધર્મજ્ઞાનમા વૃદ્ધિ કરી. સં. ૧૯૪૭ના જેઠવદ પાંચમને ગુરુવારે તેમનું અવસાન થયું. અને પછી તેમની પેઢી તરફથી યોગશાસ્ત્ર હરિભદ્રાષ્ટક આદિ પુસ્તકો મૂળ અને અનુવાદ સહિત બહાર પડયાં છેલ્લા કેટલાંક વર્ષોમાં પર્યુષણ પર્વ સમયે પર્યુષણ યોજાતી વ્યાખ્યાનમાળા એક નવો ઝોક સૂચવે છે.

છેલ્લા એક સૈકાની ધર્મપ્રવૃત્તિ જોતા ત્રણ ઘટનાઓ સૌથી વધુ દૂરગામી અસર કરનારી ગણાય. સૌરાષ્ટ્રના મોરબી પાસે આવેલા વવાણિયા ગામમાં સં. ૧૯૨૪ના કારતક સુદ પુનમે રવિવારે રાયચંદભાઇનો જન્મ થયો. તેઓ સ્થાનકવાસી જૈન ધર્મ પાળતા હતા ઝવેરાતનો વ્યવસાય કરતા અને તેઓ કવિ તેમજ શતાવધાની હતા. તીવ્ર સ્મરણશક્તિ ધરાવતા રાયચંદભાઈના વ્યવહાર કુશળતા અને ધર્મપરાયણતાનો મધુર સુમેળ જોવા મળતો. એમણે સોળ વર્ષ મોક્ષમાળા અને સત્તરમે વર્ષે ભાવના બોધની રચના કરી. ઓગણીસમે વર્ષે મુંબઈમાં શતાવધાનના પ્રયોગો કર્યા સં. ૧૯૫૨માં નડિયાદમાં પદ્યમાં આત્મસિદ્ધિ શાસ્ત્રની રચન કરી, તેઓ કવિ કરતા વિશેષ તત્વચિંતક મુમુક્ષુ હતા. હિંદુ ધર્મમાં ગાંધીજીને જ્યારે જ્યારે શંકા થતી ત્યારે રાયચંદભાઇને પૂછતા અને ગાંધીજીએ લખ્યું છે કે, 'હિંદુધર્મમાં મને જે જોઇએ તે મળે એમ છે. એવો મને વિશ્વાસ આવ્યો આ સ્થિતિને સારુ રાયચંદભાઈ જવાબદાર થયા'[1] આ પછી રાયચંદભાઇ શ્રીમદ્ રાજચંદ્ર તરીકે ઓળખાયા આજે વડવા, ઇડર, અગાસ, નારોલ અને દેવલલી જેવાં સ્થળોએ એમના આશ્રમો છે. અહીં સ્વાધ્યાય અને આત્મસાધનાની પ્રવૃત્તિઓ ચાલે છે એમના સાહિત્યનું પ્રકાશન પણ થઇ રહ્યું છે.

બીજું પરિવર્તન ૧૯૭૪માં શ્રી કાનજી સ્વામીએ સ્થાપેલા પંથથી આવ્યું. મૂળ સૌરાષ્ટ્રના ઉમરાળાના શ્રી કાનજી સ્વામીએ સ્થાનકવાસી ફિરકાનો ત્યાગ કરીને એક સ્વતંત્ર ફિરકાની રચના કરી. જો કે એનું છેવટનું રૂપાંતર દિગમ્બર સંઘ રૂપે થયું. મધુર વાણી અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા કાનજી સ્વામી સોનગઢમાં રહેતા હતાં. નિશ્ચય નય તરફ તેમનો ઝોક હતો અને કુંદકુંદાચાર્યનાં 'સમયસાર' અને 'પ્રવચનસાર' પર તેઓ વિશેષ ભાર આપતા હતા.



For Private And Personal Use Only

શ્રીજી મહારાજની [illegible]ના એ તેરાપંથનું રૂપાંતર છે. આચાર્ય શ્રી તુલસીના નેતૃત્વ હેઠળ આ પંથે નવું જ રૂપ ધારણ કર્યું. એણે સંસ્કૃત, પ્રાકૃતના ઉત્તમ વિદ્વાનો આપ્યા. આચાર્ય શ્રી તુલસીની વિશેષતા એ કહેવાય કે એમણે પોતાના પંથથી અળગા થવાને બદલે પંથને સાથે લઈને ક્રાંતિ કરી. સાધ્વીઓમાં અભ્યાસ વધારીને તેમને વિદુષી બનાવી. સાધ્વી અને શ્રાવિકા વચ્ચે 'સમણી'ની એક નવી કોટિની રચના કરી. જે સાધુત્વની મજબૂત પીઠિકા બની રહે.

છેલ્લા એકસો વર્ષની ધર્મ પ્રવૃત્તિ પર નજર કરીએ તો એમ લાગે છે કે જ્ઞાનનો પ્રવાહ જેટલો દેરાસરો અને ધર્મોત્સવો તરફ વળ્યો છે તેટલો કેળવણી કે સમાજકલ્યાણના ક્ષેત્રોમાં વળ્યો નથી. સાર્વજનિક સેવાની ભાવનાની પૂરી ખીલાવટ થઇ નથી. હજી વિપુલ જૈન-સાહિત્ય ગ્રંથભંડારો અને હસ્તપ્રતોમાં રહેલું છે એના પ્રકાશન માટે વધુ પ્રયત્નોની જરૂર છે. પ્રાકૃત ભાષા અને સાહિત્યના અભ્યાસનું વહેણ પાતળું થતુ જાય છે તે પણ ચિંતાજનક ગણાય. અનેકાંતને ઉપદેશતા આ ધર્મમાં હજી તીર્થો અને તિથિઓના વિવાદો ચાલે છે જે સંકુચિત ધર્મઝનૂનને વકરાવે છે ધર્મક્રિયાઓ સાથે એની ભાવનાઓ જાણવાની આજે ભૂખ જાગી છે અને યુવાન વર્તમાન વિશ્વના સંદર્ભમાં આ ધર્મના સત્યોને પેખવા ચાહે છે.

આજે વિશ્વ ઝડપથી પરિવર્તન પામી રહ્યુ છે. વિવિધદેશ, ધર્મ અને વર્ણની પ્રજાઓ પરસ્પર ખૂબ નિકટ આવી રહી છે. વૈજ્ઞાનિક પ્રગતિને પરિણામે દુનિયા નાની થતી જાય છે તેની સાથે સત્તાભૂખ, ધન ભૂખ અને અહંતાથી પ્રેરાઇને મોટાં રાષ્ટ્રો એકબીજાને મહાત કરવા હુંકાર કરી રહ્યા છે. તેને પરિણામે દુનિયા સર્વનાશને આરે ઊભી રહી હોય એમ લાગે આ પરિસ્થિતિમાં આજનો માનવી ધર્મની સંકુચિત માન્યતાઓ, જડ આચારોને પરધર્મ વિદ્વેષમાં પુરાઇ રહેવાને બદલે માનવ કલ્યાણને પ્રેરે એવી વિચારશ્રેણી કે ભાવનાઓ ધર્મમાંથી સારવીને તેને સમગ્ર માનવજાતિના ઉત્થાન માટે સમજવા-સમજાવવા તૈયાર થયો છે. એ વખતે જૈન ધર્મ-પ્રબોધિત અહિંસા, સંયમ, તપ, પરમત સહિષ્ણુતા અને પ્રાણીપ્રેમ વગેરે ઉચ્ચ આદર્શો નૂતન યુગના માનવીને વિશ્વ પ્રેમ અને વિશ્વ શાંતિ ભણી કૂચ કરવામાં મદદ કરી શકે તેમ તેમ છે. વર્તમાન સંદર્ભમાં કદાચ એ જ તેનું સાર્થક્ય છે.

**કુમારપાળ દેસાઈ**


## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ ૨ જો પ્રકાશિત થયેલ છે.** જેની મર્યાદિત નકલો હોવાથી તાત્કાલીક મંગાવી લેવા વિનંતી છે મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીમત રૂપીઆ પાંત્રીશ રાખેલ છે. તો તાત્કાલીક મંગાવી લેવા વિનંતી.

:- સ્થળ -:

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**ના. કે.** : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ઓગણ ચાલીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતિ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૩૮ના આસો વદી

| ફંડ તથા જવાબદારીઓ | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **બીજા અંકિત કરેલા ફંડ :–** | | |
| પરિશિષ્ટ મુજબ ... ... | ... | ૨૫,૩૮૦૧–૬૨ |
| શ્રી પુસ્તક પ્રકાશન ખાતું ગઈ સાલ મુજબ... | ૨૪૬૧–૦૦ | |
| ચાલુ સાલ ભેટ | ૩૧૪૭–૬૦ | |
| | ૫૬૦૮–૬૦ | |
| બાદ ખર્ચ | ૫૬૦૮–૬૦ | |
| શ્રી પ્રમુખ આગમન સમારંભનું ખાતું ગઇ સાલ મુજબ | ૯૩૩–૧૦ | |
| ઉમેરો ચાલુ સાલ ભેટ | ૧૦૧–૦૦ | |
| | ૧૦૩૪–૧૦ | |
| બાદ : ચાલુ સાલ ખર્ચ | ૪૦૩–૧૫ | |
| | | ૬૩૦–૯૫ |
| **જવાબદારીઓ :–** | | |
| અગાઉથી મળેલી રકમો પેટે ... | ૩૦૦૯૦–૬૯ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે ... | ૧૮૬૩–૦૦ | |
| | | ૩૧૯૫૩–૬૯ |
| **ઉપજ ખર્ચ ખાતું :** | | |
| ગઇ સાલની બાકી જમા ... | ૨૮૫૬–૫૩ | |
| ઉમેરો / ચાલુ સાલનો વધારો આવક ખર્ચ ખાતા મુજબ | ૪૬–૩૧ | |
| | | ૨૯૦૨–૮૪ |
| **કુલ રૂા.** | | ૨૮૯૨૮૯–૧૦ |

ટ્રસ્ટીઓની સહી :

૧ હીરાલાલ ભાણજીભાઈ શાહ
૨ પોપટલાલ રવજીભાઇ સલોત
૩ અમૃતલાલ રતીલાલ (ભગતભાઇ)
૪ હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૫ પ્રમોદકાંત ખીમચંદ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા—ભાવનગર

નોંધણી નંબર :
એફ ૩૭/ભાવનગર

### અમાસના રોજનું સરવૈયું

| મિલ્કત | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **સ્થાવર મિલ્કત :-** | | |
| ઉમેરો : વર્ષ દરમ્યાન બાંધકામ ખરીદી ભેટ ... | ૧૦૧૮૨૧-૮૦ | |
| | ——— | ૧૦૧૮૨૧-૮૦ |
| **ડેટ સ્ટોક ફર્નીચર ;-** | | |
| ગઈ સાલની બાકી ... ... | ૬૩૫૬-૦૦ | |
| ઉમેરો : વર્ષ દરમ્યાન ખરીદી ભેટ ... | ૪૯૬-૦૦ | |
| | ——— | ૬૮૫૨ ૦૦ |
| **માલ સ્ટોક :- ( ટ્રસ્ટીશ્રી/મેનેજરશ્રીની પ્રમાણિત યાદી મુજબ)** | ... | ૮૧૮૬-૩૩ |
| ઇલેકટ્રીક ડીપોઝીટ ... ... | ... | ૧૪૦-૦૦ |
| **એડવાન્સીઝ :-** | | |
| બીજાઓને ... ... | ...૧૯૮ ૭૦ | |
| | ——— | ૧૯૮ ૭૦ |
| **રોકડ તથા અવેજ :-** | | |
| બેન્કમાં સેવીંગ્ઝ ખાતે યુનીયન બેન્ક તથા દેના બેન્ક | ૧૨૨૮૨-૪૧ | |
| બેન્કમાં ફીકસ્ડ ડીપોઝીટ ખાતે | | |
| યુનીયન બેન્ક તથા દેના બેન્ક | ૧૫૯૫૦૦-૦૦ | |
| ટ્રસ્ટી/મેનેજર પાસે ... ... ... | ૩૦૬-૯૦ | |
| | ——— | ૧૭૨૦૮૯-૩૧ |
| સરવૈયા ફેરના ... ... ... | ——— | ૦-૯૬ |
| **કુલ રૂા.** | | ૨૮૯૨૮૯-૧૦ |

ઉપરનું સરવૈયું અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

**ભાવનગર**
તા. ૩૦ ડીસેમ્બર ૧૯૮૨

**સંઘવી એન્ડ કું.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સં. ૨૦૩૮ના આસો વદી અમાસના રોજ

| આવક | | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|---|
| **ભાડા ખાતે : ( લેણી/મળેલી )** | ... | ... | | ૧૧૪૭૫-૦૦ |
| **વ્યાજ ખાતે :- લેણી/મળેલી)** | | | | |
| બેન્કના ખાતા ઉપર | ... | ... | | ૧૪૦૦૩-૨૫ |
| **ભેટ આવક :-** | ... | ... | | ૪૦૬૭-૦૦ |
| **બીજી આવક :-** | | | | |
| શ્રી જ્ઞાન આવક | ... | ... | ૧૨-૬૫ | |
| શ્રી જાહેર ખબર આવક | ... | ... | ૩૦-૦૦ | |
| શ્રી પસ્તી વેચાણ | ... | ... | ૮૩-૬૫ | |
| શ્રી પુસ્તક વેચાણ નફો | ... | ... | ૩૫૮૬-૮૫ | |
| અન્ય પરચુરણ આવક | ... | ... | ૧-૪૫ | |
| | | | | ૩૭૧૪-૬૦ |
| | | **કુલ રૂા.** | | **૩૩૨૫૯-૮૫** |

ટ્રસ્ટીઓની સહી :-

૧ હીરાલાલ ભાણજીભાઈ શાહ
૨ પોપટલાલ રવજીભાઈ સલોત
૩ અમૃતલાલ રતીલાલ (ભગતભાઈ)
૪ હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
૫ પ્રમોદકાંત ખીમચંદ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા–ભાવનગર

નોંધણી નંબર :
એફ. ૩૭–ભાવનગર

## પૂરાં થતાં આવક અને ખર્ચનો હિસાબ

| ખર્ચ | રૂ. પૈસા | રૂ. પૈસા |
|---|---|---|
| **મિલકત અંગેનો ખર્ચ :-** | | |
| મ્યુનિસિપલ/ગવર્નમેન્ટ ટેક્ષ ... ... | ૪૮–૦૦ | |
| મરામત અને નિભાવ ... ... | ૭૭૮–૪૫ | |
| વીમો ... ... ... | ૪૦૫–૦૦ | |
| | ——— | ૧૨૩૧–૪૫ |
| **વહીવટી ખર્ચ :-** ... .. | | ૮૪૯૦–૬૫ |
| **કાનુની ખર્ચ :-** ... ... | | ૧૫૦–૦૦ |
| **ઓડીટ ખર્ચ :-** ... ... | | ૧૫૦–૦૦ |
| **ફાળો અને ફી :-** ... ... | | ૩૪૫–૮૦ |
| **પરચુરણ ખર્ચ :-** ... ... | | ૧૦૧૪–૫૦ |
| **રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલ રકમો :-** | | ૭૭૫૮–૬૪ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનો ખર્ચ :-** | | |
| ટ્રસ્ટ અંગેના હેતુ અંગેનું ખર્ચ ... ... | ૧૪૦૭૨–૨૦ | |
| | ——— | ૧૪૦૭૨–૨૦ |
| **વધારો સરવૈયામાં લઈ ગયા તે :-** | | ૪૬–૩૧ |
| **કુલ રૂ.** | | **૩૩૨૫૯–૮૫** |

તા. ૩૦ ડીસેમ્બર ૧૯૮૨
**ભાવનગર**

**સંઘવી એન્ડ કાં,**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભગવાન મહાવીર કલ્યાણુ કેન્દ્રનો ટુંક અહેવાલ

તાજેતરમાં ગુજરાત સૌરાષ્ટ્રમાં વાવાઝોડાથી થયેલ હોનારતમાં 'ભગવાન મહાવીર કલ્યાણુ કેન્દ્ર' મુંબઈ તરફથી થયેલ રાહત કાર્ય :

વાવાઝોડાના સમાચાર મળતાંજ કેન્દ્રના ટ્રસ્ટી સેક્રેટરી શ્રી છોટાલાલ પી. કામદાર જાતે અસરગ્રસ્ત વિસ્તારોની સર્વે કરી પ્રાથમિક રાહત આપવાનું શરૂ કર્યું હતું.

(૧) અમરેલી જીલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં એક હજાર જોડી પુરૂષોના કપડા, એક હજાર જોડી સ્ત્રીઓના કપડા, ત્રણ હજાર ધાબળા, એલ્યુમિનીયમના ૧૩ વાસણુના ૧ સેટ એવા એક હજાર વાસણુના સેટ અને દૂધપાવડર થેલી ૨૫નું વિતરણુ કર્યું હતું અને રૂા. પાંચ હજારની રોકડ રાહત આપી હતી.

(૨) વેરાવળ અને આજુબાજુના ગામડામાં ૧૫૦૦ સેટ પુરૂષોના કપડા ૧૦૦૦ સાડીઓ ૧૦૦૦ ધાબળા અને વીસ હજાર રોકડની સહાય આપી હતી.

(૩) હળવદના મીઠાના અગરમા ખાણીયાઓને રૂા. એક લાખની કિંમતના કપડા ધાબળા તથા અનાજ આપવામાં આવ્યા.

(૪) સાવરકુંડલામાં માલધારીઓના ઘેટા બકરા ખરીદી આપવા ગ્રામવિકાસ ટ્રસ્ટને રૂા. બે લાખ આપ્યા.

(૫) લાઠી, ઈંગોરાળા, અને ભીંગરાડમાં કુલ ૧૩૬ રહેઠાણો બાંધી આપવા માટે તા. ૨૫-૨-૮૩ના ભૂમિપૂજન કર્યું. મકાન પાકા અને રૂા. ૮૦૦૦/-ની કિંમતના થશે.

આ રીતે કુલ રૂા. ૧૮ લાખથી વધારેની સહાય આપી છે.

ભારતના કોઇપણુ ભાગમાં કુદરતી આફત આવે ત્યારે કેન્દ્ર તરફથી રાહત કાર્ય શરૂ થાય છે. અત્યાર સુધી લગભગ રૂા. ૩ કરોડના રાહત દેશના જુદા જુદા ભાગોમાં, રાજ્યોમાં આપી છે.

લિ. છોટાલાલ પી. કામદાર.
ટ્રસ્ટી સેક્રેટરી.
**ભગવાન મહાવીર કલ્યાણુ કેન્દ્ર મુંબઇ.**

---

પ. પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીની પ્રેરણાથી, શ્રી વર્ધમાન જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ ઊસ્માનપુરા, અમદાવાદ તરફથી મૂળ અંગ સૂત્રો નં. ૧ થી ૫ની પ્રતો સભાને ભેટ તરીકે મળી છે. તે માટે હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ.

અન્ય માનનીય પ્રકાશકો પોતાના પ્રકાશનની પ્રત મોકલી આભારી કરે તેવી નમ્ર વિજ્ઞપ્તિ આ સભાની લાઈબ્રેરીનો લાભ બહોળા પ્રમાણમાં લેવાય છે. તેથી જ્ઞાન-પ્રચાર થશે; તેમજ જીવન ઘડતરમાં અનેરો ફાળો આપ્યાનું સુકૃત સંપાદન થશે.

**શ્રી જૈન આત્માનંદ સભા**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન
**મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના**
વરદ્હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ'

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહાસજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

(કીંમત રૂા. ૪૦–૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

**બહાર પડી ચુકેલ છે** **જિનદત્તકથાનકમ્** (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઈચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન–સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે.

કિંમત રૂા. ૮–૦૦

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠિ શ્લાકાપુરુષ ચરિતમ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મુળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશાર નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નીર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદતા આખ્યાન | ૮-૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહ: | ૨-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ | ૨-૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ | ૧-૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫-૦૦ |
| શ્રાવકધર્મ વિધિ પ્રકરણમ | ૫-૦૦ |

## ગુજરાતી ગ્રંથો

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૩૫-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક : પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| ધર્મ પરીક્ષા ગ્રંથ | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| તીર્થંકર દર્શન ચોવીશી | ૫-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| આચારોપદેશ | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મુદ્રક : શેઠ દેવેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ ભાવનગર.

For Private And Personal Use Only